# ઓગસ્ટ ૨૦૧૫

## Most IMP Current Affairs



















**Useful For....**
**UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams**

www.crackgpsc.com

Crack GPSC ™

www.crackgpsc.com

# ઓગસ્ટ ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

**Material**

www.crackgpsc.com



# Most Imp Current Affairs – August 2015

## ➢ 1st week

- **પેટીએમે BCCI ના ચાર વર્ષ સુધી પ્રાયોજન અધિકાર ખરીદ્યા**

  BCCI એ વન97 કોમ્યુનિકેશન્સ કંપનીના યુનિટ પેટીએમ સાથે આગામી ચાર વર્ષ માટે રૂ. 203.28 કરોડના સ્પોન્સરશીપના કરાર કર્યા.

- **પ્રભાતસિંહ પેટ્રોનેટ એલએનજીના એમ.ડી. તરીકે નિયુક્ત**

  ભારતની સૌથી મોટી ગેસ આયાત કંપની પેટ્રોનેટ એલએનજીએ પ્રભાતસિંહને એમ.ડી. તરીકે નિયુક્ત કર્યા. પ્રભાતસિંહ આ પહેલાં ગેલમાં માર્કેટિંગ ડિરેક્ટર પદ પર કાર્યરત હતા. પ્રભાતસિંહ ગેસ ઉદ્યોગ સાથે સંકળાયેલ પ્રથમ વ્યક્તિ છે જે કંપનીના અધ્યક્ષ બનશે.

- **ચાડની પાર્લામેન્ટે મૃત્યુદંડ પુન: આરંભ કરવાના સમર્થનમાં મત આપ્યો**

  આફ્રિકન દેશ ચાડની પાર્લામેન્ટે આતંકવાદી કૃત્યો બદલ મૃત્યુદંડ પુન: આરંભ કરવાના સમર્થનમાં મત આપ્યો. આ વોટીંગ પાડોશી દેશ નાઈજીરિયામાંથી થઇ રહેલ બોકો હરમના આતંકવાદી હુમલાઓનો સામનો કરવા માટે કરવા માટે કરવામાં આવ્યું.

- **ઉબરે ભારતમાં એક અબજ ડોલરના રોકાણની ઘોષણા કરી**

  ટેક્સી સેવા પૂરી પાડનારી એપ આધારિત અમેરિકન કંપની ઉબરે ભારતમાં વેપાર વિકસાવવા માટે એક અબજ ડોલરના રોકાણની ઘોષણા કરી. ઉબર ઇન્ડિયાના અધ્યક્ષ અમિત જૈન છે.

- **ટાન ઈંગ જોએ રેનફોરેસ્ટ ચેલેન્જ ખિતાબ જીત્યો**

  ટાન ઈંગ જોએ ગોવામાં યોજાયેલ રેનફોરેસ્ટ ચેલેન્જ સ્પર્ધાનો ખિતાબ જીત્યો. ટાને સતત બીજી વખત આ ખિતાબ જીત્યો.

- **પ્રભરૂપ સેખોએ સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ ગેમ્સમાં બે સુવર્ણ ચંદ્રક મેળવ્યા**

  ચૌદ વર્ષીય માસ્ટર પ્રભરૂપ સેખોએ સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ સમર ગેમ્સની 300 મીટર તથા 500 મીટર રોલર સ્કેટિંગ સ્પર્ધાઓમાં બે સુવર્ણ ચંદ્રક જીત્યા. આ રમત અમેરિકા સ્થિત લોસ એન્જલસમાં આયોજીત કરવામાં આવી રહેલ છે.

www.crackgpsc.com

- **તમિલનાડુ સરકારે ડૉ. કલામના નામથી યુવા પુરસ્કારની શરૂઆત કરી**

તમિલનાડુ સરકારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના સન્માનમાં યુવા પુરસ્કારની શરૂઆત કરી. આ પુરસ્કાર 15 ઓગષ્ટ 2015માં આરંભ કરવામાં આવશે. આ પુરસ્કાર રાજ્યમાં વિજ્ઞાન, હ્યુમેનિટીઝ તથા વિદ્યાર્થીઓના કલ્યાણ માટે અસામાન્ય યોગ્યતાવાળી વ્યક્તિને આપવામાં આવશે. ડૉ. કલામના જન્મદિવસ 15 ઓક્ટોબરને યુવા પુરસ્કાર દિવસ તરીકે ઉજવવાની પણ ઘોષણા કરવામાં આવી.

- **પાણી અને મીઠાના મિશ્રણથી 8 કલાક સુધી ચાલનાર સોલ્ટ લેમ્પ વિકસિત**

ફિલિપિન્સની એક કંપનીએ માત્ર બે ચમચી મીઠું અને એક ગ્લાસ પાણીથી 8 કલાક સુધી ચાલનાર લેમ્પ વિકસાવ્યો. આ લેમ્પનું નામ સોલ્ટ લેમ્પ (સ્થાઈ વિકલ્પ પ્રકાશ) એસા મિજેંજો અને રાફેલ મિજેંજો દ્વારા સ્થાપિત સોલ્ટ કંપનીના નામે રાખવામાં આવ્યું. આનાથી ઓરડામાં પ્રકાશની સાથે સ્માર્ટફોન પણ ચાર્જ કરી શકાય છે. લેમ્પની બેટરી છ માસ સુધી ચાલી શકે છે. આ લેમ્પને સમુદ્રના પાણીનો ઉપયોગ કરીને પણ ચલાવી શકાય છે અને આ લેમ્પ સમુદ્ર તટની નજીક રહેનારા લોકો માટે પ્રકાશની સુવિધા પૂરી પાડવામાં મદદરૂપ થશે.

- **નાસાએ 'રોકી એક્સોપ્લાનેટ'ની શોધની પુષ્ટિ કરી**

અમેરિકન અંતરિક્ષ એજન્સી નાસાએ સ્પિટ્ઝર સ્પેસ ટેલિસ્કોપની મદદથી પૃથ્વીની સૌથી નજીક રોકી એક્સોપ્લાનેટ (ખડક નિર્મિત ગ્રહ)ની શોધની પુષ્ટિ કરી. તેને HD 219134b નામ આપવામાં આવ્યું છે. આ પૃથ્વીથી 21 પ્રકાશ વર્ષના અંતરે છે. આ સંપૂર્ણ રીતે ખડકોથી બનેલ ગ્રહ છે.

- **ગંગા રામ અગ્રવાલે રેલવે બોર્ડના સચિવનો પદભાર સંભાળ્યો**

ભારતીય રેલ સેવાના ઈલેક્ટ્રીકલ એન્જીનિયરીંગના અધિકારી ગંગા રામ અગ્રવાલે રેલવે બોર્ડમાં સચિવનો પદભાર સંભાળ્યો. તેમણે પી. સી. ગજભૈયેનું સ્થાન લીધું.

- **ભારતીય ક્રિકેટર આર. અશ્વિન અર્જુન પુરસ્કારથી સન્માનિત**



ભારતીય ક્રિકેટર આર. અશ્વિનને અર્જુન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

**અર્જુન પુરસ્કાર:**

અર્જુન પુરસ્કાર ભારત સરકાર દ્વારા રમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે દર વર્ષે આપવામાં આવે છે. આની શરૂઆત વર્ષ 1961માં થઇ હતી. પુરસ્કાર તરીકે

www.crackgpsc.com

પાંચ લાખ રૂપિયાની રકમ, અર્જુનની કાંસ્ય પ્રતિમા અને એક પ્રશંસા પત્ર આપવામાં આવે છે.

- **વાનખેડે સ્ટેડિયમમાં શાહરૂખ ખાનના પ્રવેશ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો**

મુંબઈ ક્રિકેટ સંઘે વાનખેડે સ્ટેડિયમમાં શાહરૂખ ખાનના પ્રવેશ પર મુકેલ પાંચ વર્ષનો પ્રતિબધ ઉઠાવી લીધો. 2012માં મુંબઈ ઇન્ડિયન્સ વિરુદ્ધ કોલકાતા નાઈટ રાઈડર્સની જીત પર સુરક્ષા કર્મીઓ સાથેના દુર્વ્યવહારને કારણે શાહરૂખ ખાન પર સંઘ પરિસર અને વાનખેડે સ્ટેડિયમમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.

- **કોપેનહેગન તીરંદાજી ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા ટીમને રજત ચંદ્રક**

દીપિકા કુમારી, લક્ષ્મી રાની માંઝી અને રીમિલ બુરેલીની રિકર્વ ટીમે ડેન્માર્કના કોપેનહેગનમાં આયોજિત વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક જીત્યો. ભારતીય મહિલા રિકર્વ ટીમ વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપની ફાઈનલમાં રશિયા સામે હારી ગઈ.

- **રંગનાથ રામદયાલ તિવારી 'હિન્દી રત્ન સન્માન'થી સન્માનિત**

વરિષ્ઠ લેખક રંગનાથ રામદયાલ તિવારીને 'હિન્દી રત્ન સન્માન'થી સન્માનિત કરવામાં આવ્યા. હિન્દી રત્ન સન્માન મેળવનાર શ્રી રંગનાથ રામદયાલ તિવારી 18મા રચનાકાર છે.

**હિન્દી રત્ન સન્માન :**

રાજર્ષિ પુરુષોત્તમદાસ ટંડનની 134મી જયંતિના અવસરે પત્રકાર પંડિત ભીમસેન વિધ્યાલંકારની સ્મૃતિમાં દર વર્ષે હિન્દી ભવન તરફથી આ સન્માન આપવામાં આવે છે.

- **વિક્ટોરિયા ઓપન WSA : જોશના ચિન્નપાએ સ્ક્વોશ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો**

ભારતીય મહિલા સ્ક્વોશ ખેલાડી જોશના ચિન્નપા ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં આયોજિત વિક્ટોરિયા ઓપનની વિજેતા બની.

- **કેન્દ્ર સરકાર અને NSCN-IM વચ્ચે ઐતિહાસિક શાંતિ કરાર**

કેન્દ્ર સરકારે નેશનલ સોશિયાલીસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ (NSCN-IM) સાથે ઐતિહાસિક શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા. ભારત સરકાર તરફથી નાગા શાંતિ વાર્તા માટે નિયુક્ત સરકારના મધ્યસ્થી આર. એન. રવિએ સમજુતી પર હસ્તાક્ષર કર્યા. NSCN તરફથી અધ્યક્ષ ઇસાક ચીસી સ્વૂ અને મહાસચિવ થિંગલેંગ મુઈવાએ હસ્તાક્ષર કર્યા. આ સાથે જ પાછલા 16 વર્ષોમાં થયેલ લગભગ 80 રાઉન્ડની મંત્રણા અંતિમ તબક્કે પહોંચી ગઈ.

www.crackgpsc.com

- **નેશનલ સોશિયાલીસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેંડ (NSCN-IM) :**

નેશનલ સોશિયાલીસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેંડ (NSCN-IM) પૂર્વોત્તર ભારતમાં સક્રિય એક નાગા સંગઠન છે. NSCNની સ્થાપના 1980માં ઇસાક ચિશી સ્વૂ અને થિંગલેંગ મુઈવાએ કરી હતી.

- **રોલેન્ડ ફોલ્ગર મર્સિડીઝ બેન્ઝ ઇન્ડિયાના એમ.ડી. નિયુક્ત**

રોલેન્ડ એસ.ફોલ્ગરને મર્સિડીઝ બેન્ઝ ઇન્ડિયાના નવા એમ.ડી. અને સી.ઈ.ઓ. તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. રોલેન્ડ એસ. ફોલ્ગર 1 ઓક્ટોબરથી મર્સિડીઝ બેન્ઝ ઇન્ડિયામાં પોતાનો કાર્યભાર સંભાળશે. તેઓ હાલમાં મર્સિડીઝ બેન્ઝ મલેશિયાના વર્તમાન અધ્યક્ષ અને સી.ઈ.ઓ. છે. મર્સિડીઝ બેન્ઝ જર્મન ડેમલર એ.જી.ની સંપૂર્ણ માલિકીવાળી સહાયક કંપની છે.

- **દીપા કર્માકરે સિનીયર આર્ટ જીમ્નાસ્ટીક એશિયન ચેમ્પિયનશિપમાં કાંસ્ય ચંદ્રક જીત્યો**

પ્રતિષ્ઠિત ભારતીય જીમ્નાસ્ટ દીપા કર્માકરે છઠ્ઠી સિનીયર આર્ટ જીમ્નાસ્ટીક એશિયન ચેમ્પિયનશિપમાં મહિલા વર્ગમાં કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો.

- **હિન્દી સાહિત્યકાર કાશીનાથ સિંહને 'ભારત-ભારતી' સન્માન આપવાની ઘોષણા**

ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાએ વર્ષ 2014 માટે હિન્દી સાહિત્યકાર કાશીનાથ સિંહને 'ભારત-ભારતી' સન્માન આપવાની ઘોષણા કરી. આ સાથે જ દિલ્હીની મૃદુલા ગર્ગને લોહિયા સાહિત્ય સન્માનથી સન્માનિત કરવામાં આવશે. હિન્દી ગૌરવ સન્માન છત્તીસગઢના વરિષ્ઠ સાહિત્યકાર વિનોદ કુમાર શુક્લાને આપવામાં આવશે.

- **તમિલનાડુમાં આદી પેરક્કુ ઉત્સવ ઉજવામાં આવ્યો**

તમિલનાડુમાં આદી પેરક્કુ ઉત્સવ ઉજવવામાં આવ્યો. આ તમિલ મહિના આદીના 18મા દિવસે નદીઓના કિનારે ઉજવવામાં આવે છે. આ દિવસે પચઈ અમ્માન દેવીની પૂજા કરવામાં આવે છે, જેમને શાંતિ અને સદભાવનું પ્રતિક માનવામાં આવે છે.

- **એરટેલે વાઈટીએસ સોલ્યુશન્સનું અધિગ્રહણ કર્યું**

ભારતી એરટેલે ફાયનાન્સિઅલ પ્રોડક્ટ્સ એન્ડ મોબાઈલ પેમેન્ટ એન્ટરપ્રાઈઝ વાઈટીએસ સોલ્યુશન્સ અધિગ્રહણ કર્યું. એરટેલે પોતાની આ નવનિર્મિત કંપની એરટેલ એમ કોમર્સ સર્વિસેસ લિ. (એએમએસએલ) માટે મનીષ ખેડાને CEO નિયુક્ત કર્યા.

- **ચીનમાં પાંચસો મીટર એપર્ચર ગોળાકાર ટેલિસ્કોપ (ફાસ્ટ)નું નિર્માણ**

www.crackgpsc.com

દક્ષિણ પશ્ચિમ ચીનના ગુઈઝોઉ પ્રાંતમાં પાંચસો મીટર એપર્ચર ગોળાકાર ટેલિસ્કોપ (ફાસ્ટ)નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ દુનિયાનું સૌથી મોટું રેડિયો ટેલિસ્કોપ છે. આની ડીશ 30 ફૂટબોલ મેદાનોની બરાબર છે. આનો વ્યાસ 500 મીટર છે. આને ગુડઝુની પહાડીઓમાં બનાવવામાં આવી રહ્યું છે. આ અબજો પ્રકાશ વર્ષના અંતરેથી સિગ્નલ પકડવામાં સક્ષમ હશે. આ પ્રોજેક્ટ સપ્ટેમ્બર 2016 સુધી પૂર્ણ થવાનો અંદાજ છે. હાલમાં પ્યુર્ટો રિકોની એરેસિબો વેધશાળામાં સ્થિત ટેલિસ્કોપ દુનિયાનું સૌથી મોટું ટેલિસ્કોપ છે, જેનો વ્યાસ 300 મીટર છે.

- **બિહાર લઘુમતી પંચના અધ્યક્ષ નૌશાદ અહમદે રાજીનામું આપ્યું**

બિહાર લઘુમતી પંચના અધ્યક્ષ નૌશાદ અહમદે રાજીનામુ આપી દીધું. નૌશાદ અહમદે બિહારમાં લઘુમતી ધરાવતા લોકોને રાજનૈતિક મોહરા બનવાને રાજીનામાનું મુખ્ય કારણ બતાવ્યું.

- **રાની રામપાલને સાઈમાં સહાયક કોચ બનાવાયાની ઘોષણા**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (SAI)એ અનુભવી હોકી ફોરવર્ડ ખેલાડી રાની રામપાલને સાઈમાં સહાયક કોચ બનાવ્યાની ઘોષણા કરી. રાની રામપાલ 15 વર્ષની ઉંમરે વિશ્વ કપ 2010માં ભાગ લેનાર ભારતીય ટીમનો હિસ્સો બની હતી. સાઈએ યુવા મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે રાનીને સહાયક કોચ બનાવવાનો નિર્ણય કર્યો.

- **ગ્રામ પંચાયતો માટે 'સમન્વય' વેબ પોર્ટલનો શુભારંભ**

ગ્રામ્ય વિકાસ મંત્રી ચૌધરી બીરેન્દ્ર સિંહે 'સમન્વય' નામના એક વેબ પોર્ટલનો શુભારંભ કર્યો. આ પોર્ટલમાં ગ્રામ પંચાયતો માટે સંઘ અને રાજ્ય સરકારો તરફથી શરુ કરાયેલ યોજનાઓનું સંકલન છે. 'સમન્વય' અંતર્ગત તમામ રાજ્યોની 1800થી વધુ યોજનાઓને સામેલ કરવામાં આવી છે.

- **અમલેંદુ કૃષ્ણા વર્ષ 2015ના રામાનુજન પુરસ્કારથી સન્માનિત**

ટાટા ઇન્સ્ટીટ્યુટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ (TIFR)ના અમલેંદુ કૃષ્ણાને વર્ષ 2015ના રામાનુજન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. ડૉ. કૃષ્ણાને એલ્જેબ્રિકની થીયરી, એલ્જેબ્રિક સાયકલ અને થીયરી ઓફ મોટીવ્સમાં તેમના યોગદાન માટે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં.

- **દિલ્હી પોલિસ પોલીસ દ્વારા ઓપરેશન શિષ્ટાચાર પ્રારંભ**

દિલ્હીની કેન્દ્રીય જીલ્લા પોલિસે છેડછાડની ઘટનાઓને ઓછી કરવા માટે 'ઓપરેશન શિષ્ટાચાર' આરંભ કર્યું. આ અભિયાન હેઠળ બસો, શૈક્ષણિક સંસ્થાઓ, સિનેમા ગૃહો, કોલેજો,

www.crackgpsc.com

બજાર, મેટ્રો સ્ટેશનો, હોસ્પિટલો અને રેલવે સ્ટેશનો આસપાસ સાદા કપડામાં પોલિસવાળા તૈનાત કરવામાં આવી રહ્યા છે.

- **હરિયાણા સરકારે 'બેટી કા સલામ રાષ્ટ્ર કે નામ' અભિયાનની ઘોષણા કરી**

હરિયાણા સરકારના શિક્ષણ વિભાગે 'બેટી કા સલામ રાષ્ટ્ર કે નામ' અભિયાનની ઘોષણા કરી. આ અભિયાન હેઠળ હરિયાણાની 10,000 સરકારી સ્કૂલોમાં સ્વતંત્રતા દિવસ પર ગામની છોકરીઓ ધ્વજારોહણ કરશે. 'બેટી બચાઓ, બેટી પઢાઓ' સુત્રને સફળ બનાવવા માટે શિક્ષણ વિભાગે આ નિર્ણય લીધો છે.

- **દ્વિતીય વિશ્વ યુદ્ધના નાયક કર્નલ હરવંત સિંહનું નિધન**

દ્વિતીય વિશ્વ યુદ્ધના નાયક કર્નલ હરવંત સિંહનું નિધન થયું. તેઓ 1947માં ભારતના પ્રથમ સ્વતંત્રતા દિવસ પર ફ્લેગ હોસ્ટિંગ સેરેમનીના ઓફિસર-ઇન-ચાર્જ હતા. કર્નલ હરવંતસિંહને ઈટાલીમાં જર્મન સેના વિરુદ્ધ યુદ્ધમાં વીરતા માટે વર્ષ 1944માં મીલીટરી ક્રોસથી સન્માનિત કરવામાં આવ્યા હતા. મીલીટરી ક્રોસ બ્રિટીશ સેનાનો સર્વોચ્ચ પુરસ્કાર છે.

- **ભારત અને મોઝામ્બિક વચ્ચે અક્ષય ઊર્જા ક્ષેત્રે સંબંધોને વધારવા માટે સમજુતી**

ભારત અને મોઝામ્બિકે અક્ષય ઊર્જા ક્ષેત્રે સહયોગ માટે સમજુતી કરી. આ સમજુતી પર મોઝામ્બિકના રાષ્ટ્રપતિ ફીલીપે ન્યુસીની ભારત યાત્રા દરમ્યાન હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ ઉપરાંત બંને દેશ સમુદ્રી સુરક્ષા અને સાગર અર્થવ્યવસ્થામાં સહયોગ વધારવા પર સહમત થયા.

- **ફોર્બ્સ મેગેઝીને દુનિયાના સૌથી કમાઉ અભિનેતાઓની યાદી બહાર પાડી**

અમેરિકન મેગેઝીન 'ફોર્બ્સ' દુનિયાના સૌથી કમાઉ અભિનેતાઓની યાદી બહાર પાડી. યાદીમાં પ્રથમ સ્થાને રોબર્ટ ડાઉની જુનિઅર છે. આ યાદીમાં ભારતના કુલ પાંચ અભિનેતાઓ (અમિતાભ બચ્ચન, સલમાન ખાન, અક્ષય કુમાર, શાહરૂખ ખાન, રણબીર કપૂર)ને સ્થાન મળ્યું છે. યાદીમાં પ્રથમ વખત અમેરિકા બહારના અભિનેતાઓને સ્થાન આપવામાં આવેલ છે. યાદીમાં અમેરિકા પછી સૌથી વધુ ભારતીય અભિનેતા છે.

- **દેશના સૌથી મોટા દૂરબીન માસ્ટનું ઉદયપુર સૌર વેધશાળામાં ઉદઘાટન**

ભારતના સૌથી મોટા દૂરબીન, મલ્ટી એપ્લીકેશન સોલર ટેલીસ્કોપ (માસ્ટ)નું ઉદઘાટન ફતેહસાગર સ્થિત ઉદયપુર સૌર વેધશાળામાં કરવામાં આવ્યું. ચીન પછી ભારત વિશ્વનો બીજા

www.crackgpsc.com

નંબરનો એવો દેશ છે જ્યાં આ પ્રકારનું દૂરબીન છે જે સૂર્યની અન્ય ગતિવિધિ ઉપરાંત ચુંબકીય ક્ષેત્રનો પણ અભ્યાસ કરી શકે છે.

**માસ્ટ:**

- માસ્ટની પરિકલ્પના 2004માં કરવામાં આવી હતી.
- માસ્ટ સૌર ચુંબકીય 3ડી ઈમેજ લેવામાં પણ સમર્થ છે.
- આ દૂરબીનના માધ્યમથી સૂર્યની આસપાસ થઇ રહેલ ગતિવિધિઓ અને સૌર વિસ્ફોટોની 3ડી ઈમેજ લઇ શકાશે.
- આ પ્રોજેક્ટની દેખરેખ અમદાવાદ સ્થિત ફીઝીકલ રિસર્ચ લેબોરેટરી દ્વારા કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે સોલર ઓબ્ઝર્વેટરી, ઉદયપુરને પસંદ કરવાનું કારણ ફતેહસાગર પરનું ઓછું તાપમાન છે. અહીંની આબોહવામાં ટર્બુલેન્સથી અભ્યાસ કરવામાં સ્થિરતા મળે છે. આ ઉપરાંત આ સ્થળે વર્ષના લગભગ 250 દિવસ તડકો રહે છે જે સૂર્યના ડાઘાઓનો અભ્યાસ કરવા માટે જરૂરી સ્થિતિ છે.
- અંતરિક્ષ યાત્રીઓ પર સૂર્યના ડાઘાઓમાંથી નીકળનારા હાનિકારક વિકિરણોની તેમના સ્વાસ્થ્ય અને ત્વચા પર ખરાબ અસર થાય છે. આ દૂરબીનના માધ્યમથી આ વિકિરણોથી બચવામાં મદદ મળશે. કેટલીક વાર સૌર ડાઘને કારણે પણ ઉપગ્રહ સાથેનો સંપર્ક તૂટી જાય છે. આની મદદથી આ સમસ્યાથી પણ છુટકારો મળશે.

## 2nd week

- **જહાના નેમ્તસોવ પોલેન્ડના સોલિડેરિટી પુરસ્કાર 2015થી સન્માનિત**

રશિયાના દિવંગત રાજકારણી બોરીસ નેમ્તસોવના પુત્રી જહાના નેમ્તસોવને પોલેન્ડના સોલિડેરિટી પુરસ્કાર 2015થી સન્માનિત કરવામાં આવ્યાં. નેમ્તસોવે લોકતંત્ર અને માનવ અધિકારો માટે આ પુરસ્કાર પ્રાપ્ત કર્યો.




www.crackgpsc.com

- **ભારતી એરટેલે દેશભરના 296 શહેરોમાં 4જી સેવા શરુ કરવાની ઘોષણા કરી**

  ભારતી એરટેલે દેશભરના 296 શહેરોમાં 4જી સેવા શરુ કરવાની ઘોષણા કરી. એરટેલે એપ્રિલ 2012માં સૌ પ્રથમ 4જી સેવાની શરૂઆત કોલકાતામાં કરી હતી.

  **4જી ટેકનીક:**

  - આ 100 એમબી/સે. થી 1 જીબી/સે. સુધી સ્પીડ આપવામાં સક્ષમ થશે.
  - 4જી મોબાઈલ વર્તમાન 2જી મોબાઈલથી 200 ગણા અને 3જી મોબાઈલથી લગભગ 10 ગણા ઝડપી હશે.
  - 4જી ટેકનીક સંપૂર્ણપણે આઈ-પી ઇન્ટીગ્રેટેડ સિસ્ટમ પર આધારિત હશે.

- **નાસાએ રશિયાની અંતરિક્ષ એજન્સી રોસ્કોસમોસ સાથે સમજૂતી કરી**

  નાસાએ અમેરિકન અંતરિક્ષયાત્રીઓને આંતરરાષ્ટીય અંતરિક્ષ સ્ટેશન લઇ જવા માટે રશિયાની અંતરિક્ષ એજન્સી રોસ્કોસમોસ સાથે 490 મિલિયન અમેરિકન ડોલરનો કરાર કર્યો. જુલાઈ 2012માં પોતાના અંતરિક્ષ શટલ કાર્યક્રમને બંધ કર્યા પછી અમેરિકા આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન સુધી પોતાની પહોંચ જાળવી રાખવા માટે રશિયા પર નિર્ભર છે.

- **ભારતીય મૂળના અતુલ કેશપ શ્રીલંકા તથા માલદીવમાં અમેરિકન રાજદૂત નિયુક્ત**

  ભારતીય મૂળના અતુલ કેશપને શ્રીલંકા તથા માલદીવમાં સંયુક્ત રાજ્ય અમેરિકાના રાજદૂત નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ રિચાર્ડ રાહુલ વર્મા પછી આ ક્ષેત્રમાં નિયુક્ત થનાર બીજા ભારતીય મૂળના વ્યક્તિ છે.

- **ફોર્બ્સે ટેકનોલોજી ક્ષેત્રમાં વિશ્વના 100 અબજપતિઓની યાદી બહાર પાડી**

  ફોર્બ્સે ટેકનોલોજી ક્ષેત્રમાં વિશ્વના 100 સૌથી અમીર અબજપતિઓની યાદી બહાર પાડી. આ યાદીમાં માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સ 79.6 બિલીયન ડોલર સાથે પ્રથમ સ્થાને છે. ઓરેકલના લેરી એલિસન બીજા સ્થાને, એમેઝોન ડોટ કોમના જેફ બેઝોસ ત્રીજા સ્થાને છે.

- **ચીનની ઓનલાઈન કંપની ટેંસેંટ દ્વારા પ્રેક્ટોમાં 573 કરોડ રૂપિયાનું રોકાણ**

  ચીનની ઓનલાઈન કંપની ટેંસેંટે ઈન્ટરનેટ આધારિત મેડીકલ સર્વિસ પ્રેક્ટોમાં 90 મિલિયન ડોલરના રોકાણની ઘોષણા કરી. પ્રેક્ટો એક ઇન્ટરનેટ આધારિત સેવા આપનાર છે. પ્રેક્ટોમાં ભારતના 2 લાખથી વધુ અધિક ડોક્ટર ઓનલાઈન ઉપલબ્ધ છે જેમની 35 વિવિધ શહેરોથી સેવાઓ લઇ શકાય છે.

- **70મો હિરોશિમા દિવસ ઉજવવામાં આવ્યો**

www.crackgpsc.com

જાપાનના હિરોશિમા શહેર ઉપર પરમાણુ બોમ્બ હુમલાને 70 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે 70મો હિરોશિમા દિવસ 6 ઓગસ્ટ 2015ના વિશ્વભરમાં ઉજવવામાં આવ્યો. જાપાન પર આ હુમલો અમેરિકાએ બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન કર્યો હતો. એનોલા ગે નામના અમેરિકન 'B-29' બોમ્બરે 6 ઓગષ્ટ 1945ના રોજ 'લિટલ બોય' નામનો પરમાણુ બોમ્બ હિરોશિમા પર ફેંક્યો હતો. આ બોમ્બ દ્વારા જમીન સ્તર પર લગભગ 4,000 ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન પહોંચ્યું હતું, જે સ્ટીલ ઓગળવા માટે પુરતું હોય છે. આ હુમલામાં લગભગ 1.4 લાખ લોકો માર્યા ગયા હતા. જાપાનના બંદર શહેર નાગાસાકી પર પણ 9 ઓગસ્ટ 1945ના રોજ પરમાણુ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આમાં 70,000 લોકો માર્યા ગયા હતા. આના થોડા દિવસ બાદ 15 ઓગસ્ટ 1945ના રોજ જાપાને આત્મસમર્પણ કર્યું હતું અને બીજું વિશ્વ યુદ્ધ સમાપ્ત થઇ ગયું હતું.

- **સ્ટુઅર્ટ બ્રોડ એશેઝમાં 15 રન આપીને 8 વિકેટ મેળવનાર પ્રથમ બોલર બન્યા**

ઇંગ્લેન્ડના ફાસ્ટ બોલર સ્ટુઅર્ટ બ્રોડે ઓસ્ટ્રેલીયા વિરુદ્ધ એશેઝ દરમ્યાન 15 રન આપીને 8 વિકેટ લીધી જે આ સ્પર્ધાનો નવો રેકોર્ડ છે.

- **EPFOએ શેર બજારમાં રોકાણ શરુ કર્યું**

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને (EPFO) શેર બજારમાં 5,000 કરોડ રૂપિયાની પ્રારંભિક મૂડી સાથે રોકાણ શરુ કર્યું. EPFO શરૂઆતમાં પોતાના ભંડોળમાં થનાર વાર્ષિક વૃદ્ધિના માત્ર 5% શેરમાં રોકશે. જેને આગળ 15% સુધી લઇ જવામાં આવશે.

- **ફીફા રેન્કિંગમાં ભારત 156મા સ્થાને**

ફીફા રેન્કિંગ અનુસાર ભારતના ક્રમમાં કોઈ સુધારો નથી થયો. ભારતીય ટીમ આ વખતે પણ 156મા સ્થાને રહી. રેન્કિંગમાં પ્રથમ સ્થાને આર્જેન્ટીના છે.

- **આસિયાનના વિદેશ મંત્રીઓનું 48મું સંમેલન મલેશિયાના કુઆલાલમ્પુરમાં આયોજિત**

આસિયાનના વિદેશ મંત્રીઓનું 48મું સંમેલન મલેશિયા, કુઆલાલમ્પુરમાં યોજાયું. મલેશિયાના વિદેશી બાબતોના મંત્રી અનીફા અમને આ સંમેલનની અધ્યક્ષતા કરી.

**આસિયાન**

દક્ષિણ પૂર્વીય એશિયન રાષ્ટ્રોનું સંગઠન (એસોસીએશન ઓફ સાઉથ એશિયન નેશન્સ, આસિયાન) દસ દક્ષિણ-પૂર્વ એશિયન દેશોનું એક ગૃપ છે, જે અંદરોઅંદર આર્થિક વિકાસ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા અને ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે પણ કાર્ય

www.crackgpsc.com

કરે છે. તેનું મુખ્યાલય ઇન્ડોનેશિયાની રાજધાની જાકાર્તામાં છે. આસિયાનની સ્થાપના 8 ઓગસ્ટ 1967ના રોજ થાઇલેન્ડની રાજધાની બેંગકોકમાં કરવામાં આવી હતી.

- **મિસરે સુએઝ નહેરનો વિસ્તાર કરવાની શરૂઆત કરી**

મિસરના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતેહ અલ-સીસીએ સુએઝ નહેરને વિસ્તારવાની શરૂઆત કરી. આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ 72 કિમીનો વિસ્તાર કરવામાં આવશે. આ વિસ્તાર મિસરની રાષ્ટ્રીય આવક વધારવામાં મદદ કરશે. આ ઉપરાંત આમાં મિસરમાં રોજગારની તકો પણ ઉભી થશે.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ રાષ્ટ્રીય હેન્ડલુમ દિવસનું ઉદઘાટન કર્યું**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 7 ઓગસ્ટ 2015ના રોજ પ્રથમ નેશનલ હેન્ડલુમ ડેનું ઉદઘાટન કર્યું, અહીં તેમણે 'ભારત હેન્ડલુમ' બ્રાન્ડનું અનાવરણ પણ કર્યું. આનો હેતુ ભારતમાં હેન્ડલુમ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો અને આનાથી આપણી સંસ્કૃતિના મુખ્ય ભાગ તરીકે પ્રસ્તુત કરવાનો છે. ભારતમાં 43 લાખ લોકો હેન્ડલુમ ઉદ્યોગમાં કાર્યરત છે.

- **લેપચા જનજાતિનો વાર્ષિક તહેવાર તેંદોંગ સિક્કિમમાં ઉજવાયો**

સિક્કિમની જનજાતિ લેપચા આદિવાસીઓનો વાર્ષિક ઉત્સવ તેંદોંગ ઉજવવામાં આવ્યો. આ દર વર્ષે જુલાઈ-ઓગસ્ટના મહિનામાં ઉજવાય છે. આ દિવસે આદિવાસીઓ તેંદોંગ પર્વતની પ્રાર્થના કરે છે. આ પ્રાર્થના પાછળ તેઓની આ ધારણા છે કે 40 દિવસ અને 40 રાત અવિરત વરસાદથી બચવા માટે તેમના પૂર્વજોએ આ પર્વતની શરણ લીધી હતી અને આ પર્વતને કારણે જ તેમના પૂર્વજો સુરક્ષિત બચી શક્યા.

- **ત્રિપુરા વિધાન સભા દ્વારા મૃત્યુ દંડ વિરુદ્ધ પ્રસ્તાવ પસાર**

ત્રિપુરા વિધાન સભા દ્વારા મૃત્યુ દંડ વિરુદ્ધ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો. ખાસ કરીને આ પ્રસ્તાવ 1993ના મુંબઈ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ્સના આરોપી યાકૂબ મેમણની ફાંસીની સજાના વિરોધ સંદર્ભે પસાર કરવામાં આવ્યો. હવે આ પ્રસ્તાવ કેન્દ્ર સરકાર તથા લો કમિશન પાસે વિચાર કરવા માટે મોકલવામાં આવશે. ભારતમાં સર્વોચ્ચ અદાલતના નિર્દેશાનુસાર આત્યંતિક દુર્લભ બાબતોમાં (rarest of the rare case) મૃત્યુદંડની જોગવાઈ છે અને બંધારણની કલમ 72 અનુસાર રાષ્ટ્રપતિને આ સંદર્ભમાં મૃત્યુદંડની સજામાં પરિવર્તન તથા ક્ષમા દાનની શક્તિ પ્રાપ્ત છે.

करन्ट शतक
Most Imp करन्ट अफेर्स हिन्दी में
वस्तुनिष्ठ प्रश्नों उत्तर के साथ
Crack GPSC

www.crackgpsc.com

- **ઈસ્લામાબાદમાં થનાર રાષ્ટ્રમંડળ સંસદીય સંમેલનનો ભારતે બહિષ્કાર કર્યો**

  જમ્મુ-કાશ્મીરના અધ્યક્ષ કવિન્દ્ર ગુપ્તાને રાષ્ટ્રમંડળ સંસદીય સંમેલનની બેઠકમાં આમંત્રિત નહી કરવાને કારણે ભારતે પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં થનાર 61મા રાષ્ટ્રમંડળ સંસદીય સંમેલનનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો.

  **રાષ્ટ્રમંડળ સંસદીય સંઘ :**

  - રાષ્ટ્રમંડળ સંસદીય સંઘની (CPA) રચના 1911માં લંડનમાં કરવામાં આવી હતી.
  - 1948માં રાષ્ટ્રમંડળના વિકાસ સાથે આનું નામ બદલીને સીપીએ કરવામાં આવ્યું.
  - વર્તમાનમાં બાંગ્લાદેશ સંસદનાં પ્રથમ મહિલા અધ્યક્ષ ડૉ. શિરીન શર્મી ચૌધરી બીજી વખત રાષ્ટ્રમંડળ સંસદીય સંઘ તરીકે કાર્યરત છે.

- **ગોવાના પર્યટન મંત્રી ડી પરુલેકર પટવા-2015થી સન્માનિત**

  ગોવાના પર્યટન મંત્રી ડી પરુલેકરને પેસિફિક એશિયા ટ્રાવેલ રાઈટર્સ એસોસીએશન (PATWA) સફારી ઇંડિયા સાઉથ એશિયા ટ્રાવેલ એવોર્ડ 2015થી સન્માનિત કરવામાં આવ્યા. પરુલેકર ગોવાના પ્રથમ પર્યટન મંત્રી છે જેમને આ સન્માન પ્રાપ્ત થયું. પટવા સંયુક્ત રાષ્ટ્ર તથા વિશ્વ પર્યટન સંગઠન સાથે સંકળાયેલ સંસ્થા છે.

- **રાઘવેન્દ્ર ગડગકર જર્મનીના 'ધ ક્રોસ ઓફ ઓર્ડર ઓફ ધ મેરિટ'થી સન્માનિત**

  ભારતીય સમાજ જૈવ વૈજ્ઞાનિક (સોશિયો બાયોલોજીસ્ટ) રાઘવેન્દ્ર ગડગકરને જર્મનીના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ક્રોસ ઓફ ઓર્ડર ઓફ ધ મેરિટ'થી સન્માનિત કરવામાં આવ્યા. તેમને બિહેવિયરલ ઇકોલોજી અને સોશિયોબાયોલોજી ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન માટે આ પુરસ્કાર આપવામાં આવેલ છે. તેમણે ભારત અને જર્મની વચ્ચે રિસર્ચ કોર્પોરેશનને મજબુત બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. પ્રોફેસર રાઘવેન્દ્ર ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના અધ્યક્ષ છે તથા તેમના અત્યાર સુધી 270થી અધિક રિસર્ચ પેપર્સ તથા બે પુસ્તકો રીલીઝ થઇ ચુક્યા છે.

- **ક્રોસ ઓફ ઓર્ડર ઓફ ધ મેરિટ**

  આને જર્મનીના સંઘ ગણરાજ્યના રાષ્ટ્રપતિ થિયોડોર હિયુઝ દ્વારા વર્ષ 1951માં સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ પુરસ્કાર રાજનૈતિક, આર્થિક, સાંસ્કૃતિક, બૌદ્ધિક તથા સ્વયં સેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ મેળવવા માટે જર્મનીના સંઘ ગણરાજ્યના રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવે છે. આની સાથે કોઈ આર્થિક પુરસ્કાર આપવામાં આવતો નથી.

www.crackgpsc.com

- **તાઈવાનમાં 'સૌડેલોર' તોફાનથી ભયંકર તબાહી અને ચાર લોકોના મૃત્યુ**

  તાઈવાની શહેરમાં પૂર્વીય તટ પર 'સૌડેલોર' તોફાનને કારણે ભૂ-સ્ખલન થયું. તીવ્ર હવા સહિત ભયંકર વરસાદના કારણે ચાર લોકોનાં મૃત્યુ થયાં અને ભયંકર તબાહી થઇ.

- **ઓસ્ટ્રેલિયન ક્રિકેટર માઈકલ ક્લાર્કે સન્યાસની ઘોષણા કરી**

  ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના કેપ્ટન માઈકલ ક્લાર્કે એશેજ શ્રેણી બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી સન્યાસની ઘોષણા કરી.

- **વારાણસી જેલનો કેદી અજીત કુમાર સરોજ ઇગ્નુના સુવર્ણ ચંદ્રકથી સન્માનિત**

  વારાણસી સેન્ટ્રલ જેલના કેદી અજીત કુમાર સરોજને ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનીવર્સીટીના સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યો. સરોજે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલયમાં ડીટીએસ (ડિપ્લોમા ઇન ટુરીઝમ સ્ટડીઝ)માં દેશભરમાં ટોપ કરેલ છે.

- **કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત રેન્કિંગ પ્રસ્તુત**

  કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયે 'સ્વચ્છ ભારત અભિયાન'ને સારી રીતે અમલમાં મુકનાર 476 શહેરોની યાદી બહાર પાડી તથા તેમને સ્વચ્છ ભારત રેન્કિંગ પ્રદાન કરી. તેમાં કર્ણાટકનું મૈસુર પ્રથમ તથા તમિલનાડુનું તિરુચિરાપલ્લી બીજા સ્થાને છે.

- **સુરક્ષા પરિષદમાં ભારતની સ્થાઈ સભ્યતા પર અમેરિકા, રશિયા અને ચીનનો વિરોધ**

  સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ સેમ કુટેસાએ સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્યોનું વલણ સ્પષ્ટ કરતાં જણાવ્યું કે અમેરિકા, રશિયા અને ચીન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં વિસ્તાર નથી ઈચ્છતા. ભારતને આ સંસ્થાના અન્ય બે સ્થાઈ સભ્યો ફ્રાન્સ અને બ્રિટનનું સમર્થન પ્રાપ્ત છે.

- **શોધકર્તાઓએ મંગળ ગ્રહ પર એક પ્રાચીન સરોવરના પ્રમાણની શોધ કરી**

  કોલોરાડો યુનિવર્સીટીના શોધકર્તાઓની એક ટીમે મંગળ ગ્રહ પર એક પ્રાચીન સરોવરની હાજરીના પ્રમાણની શોધ કરી. શોધ અનુસાર, મંગળ ગ્રહનાં સેંકડો સ્થાનો પર ક્લોરાઈડ લવણના નમુના મળી આવ્યા. સરોવરનું પાણી બાષ્પીભવનને લીધે સુકાઈ ગયું અને ક્લોરાઈડ બાકી રહી ગયું.

- **નવી કેન્દ્રીય ક્ષેત્ર યોજના 'નઈ મંજિલ'નો શુભારંભ**

  કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી ડૉ. નઝમા હેપતુલ્લાએ નવી કેન્દ્રીય ક્ષેત્ર યોજના 'નઈ મંજિલ'નો પટનામાં શુભારંભ કર્યો. દેશમાં લઘુમતી સમુદાયોના વિકાસ અને સશક્તિકરણ વિષે

www.crackgpsc.com

સમગ્ર દ્રષ્ટિકોણ અને લઘુમતીઓના કલ્યાણમાં સુધારો લાવવા માટે આ યોજના શરુ કરવામાં આવી.

- **કેન્દ્ર તથા દિલ્હી સરકાર યમુનાની સફાઈ માટે બ્લ્યુ પ્રિન્ટ બનાવવા માટે સહમત**
  કેન્દ્ર સરકાર તથા દિલ્હી સરકાર યમુનાની સફાઈ તથા સૌંદર્યીકરણ માટે ખાસ હેતુથી પ્રોજેક્ટ બનાવવા સહમત થયા. આ સહમતિ કેન્દ્રીય જળ સંસાધન મંત્રી ઉમા ભારતી તથા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વચ્ચે નવી દિલ્હીમાં થઇ.

- **રામનાથ કોવિંદ બિહારના, આચાર્ય દેવવ્રત હિમાચલ પ્રદેશના રાજ્યપાલ નિયુક્ત**
  કેન્દ્ર સરકારે રામનાથ કોવિંદને બિહારના, આચાર્ય દેવવ્રતને હિમાચલ પ્રદેશના રાજ્યપાલ નિયુક્ત કર્યા.

- **10 ઓગસ્ટના રોજ વિશ્વ બાયો-ફ્યુઅલ દિવસ ઉજવવામાં આવ્યો**
  સમગ્ર વિશ્વમાં 10 ઓગસ્ટ 2015ના રોજ વિશ્વ બાયો-ફ્યુઅલ દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસ દર વર્ષે ગ્રીન ફ્યુઅલને પ્રોત્સાહિત કરવા માટે ઉજવાય છે. 10 ઓગસ્ટ 1893ના રોજ સર રુડોલ્ફ ડીઝલે (ડીઝલ એન્જીનના શોધક) પ્રથમ વખત પીનટ ઓઈલથી મિકેનિકલ એન્જીનને સફળતા પૂર્વક દોડાવ્યું હતું. તેમની શોધથી એ સિદ્ધ થયું કે વેજીટેબલ ઓઈલ દ્વારા મિકેનિકલ એન્જીનને ચલાવી શકાય છે. તેથી આ અદ્વિતીય ઉપલબ્ધિને વિશ્વ બાયો-ફ્યુઅલ દિવસ તરીકે 10 ઓગસ્ટના રોજ ઉજવવામાં આવે છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ અવસરે 'જૈવ ઇંધણ મિશ્રિત હાઈ સ્પીડ ડીઝલ'નો શુભારંભ કર્યો.

- **ઝારખંડ સ્થિત દેવઘરમાં થયેલ ભાગદોડમાં 11 શ્રદ્ધાળુઓનાં મૃત્યુ**
  ઝારખંડ સ્થિત દેવઘરના બૈદ્યનાથધામમાં થયેલ ભાગદોડમાં 11 શ્રદ્ધાળુઓનાં મૃત્યુ થયાં અને 50થી વધુ ઘાયલ થયા. દેવઘરના બાબા બૈદ્યનાથધામ મંદિરમાં શ્રાવણ દરમ્યાન દર સોમવારે એક લાખથી વધુ શ્રદ્ધાળુઓ અહીં આવે છે. આ યાત્રા લગભગ 100 કિમી પગપાળા ચાલીને પૂર્ણ થાય છે.

- **શિયોમીએ 'શ્રી સિટી'માં પોતાનો પ્રથમ ભારતીય પ્લાન્ટ સ્થાપિત કર્યો**
  ચીનની સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગ કંપની શિયોમીએ ભારતના 'શ્રી સિટી' (આંધ્રપ્રદેશ)માં પોતાનો પ્રથમ ભારતીય પ્લાન્ટ સ્થાપિત કર્યો. તાઇવાનની ઈલેક્ટ્રોનિક ડિવાઈસ મેન્યુફેક્ચરિંગ કંપની 'ફોક્સકોન' સાથે મળીને આંધ્રપ્રદેશના શ્રી સિટીમાં સ્થાપિત આ યુનિટમાં ફક્ત મોબાઈલ ફોનનું એસેમ્બલિંગ થશે જયારે આ માટે પાર્ટ્સની આયાત કરવામાં આવશે.

www.crackgpsc.com

- **અમિતાભ બચ્ચન મહારાષ્ટ્રમાં વાઘ સંરક્ષણ પરિયોજનાના બ્રાન્ડ એમ્બેસેડર**

બોલીવુડ અભિનેતા અમિતાભ બચ્ચને વાઘ સંરક્ષણ પરિયોજનાના બ્રાન્ડ એમ્બેસેડર બનવા માટેનો પ્રસ્તાવ સ્વીકાર્યો. મહારાષ્ટ્રમાં વાઘ પર્યટનને પ્રોત્સાહન આપવાના હેતુથી અમિતાભ બચ્ચનને રાજ્યમાં વાઘ સંરક્ષણ પરિયોજનાના બ્રાન્ડ એમ્બેસેડરનો અનુરોધ કરવામાં આવ્યો હતો.

- **હોકી ઇન્ડિયાએ ગુરબાઝ સિંહને 9 માસ માટે સસ્પેન્ડ કર્યા**

ભારતના વરિષ્ઠ હોકી ખેલાડી ગુરબાઝ સિંહને 9 માસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા. તેમના પર ટીમમાં જૂથવાદમાં સામેલ રહેવાનો આરોપ છે.

- **વિદ્યાર્થીઓને પ્રકૃતિ સાથે જોડવા માટે સ્કુલ નર્સરી યોજના લોન્ચ**

કેન્દ્ર સરકારે વિદ્યાર્થીઓને સ્કુલમાં વૃક્ષારોપણ કરીને પ્રકૃતિ સાથે જોડવાની અનન્ય પહેલ સ્કુલ નર્સરી યોજના શરૂ કરી. આ યોજનાનો હેતુ બાળકના આરંભિક કાળથી જ તેનામાં પર્યાવરણનું રક્ષણ કરવાની અને જળવાયુ પરિવર્તનનો સામનો કરવામાં મદદની ભાવના ઉત્પન્ન કરવાનો છે. યોજનાના પ્રથમ ચરણમાં 1000 શાળાઓને આમાં સામેલ કરવામાં આવશે અને વર્ષ 2016 સુધી 5000 શાળાઓ સુધી, તે પછી 10000 શાળાઓ સુધી આને વિસ્તારવામાં આવશે.

- **ભારતીય મૂળના સુંદર પિચાઈ ગુગલના CEO નિયુક્ત**




ઈન્ટરનેટ સેવા કંપની ગુગલે ભારતીય મૂળના સુંદર પિચાઈને મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) નિયુક્ત કર્યા. તેઓ ગુગલના વર્તમાન CEO લેરી પેજનું સ્થાન લેશે, જેમને ગુગલની નવી પેરેન્ટ કંપની આલ્ફાબેટ (Alphabet)ના CEO બનાવવામાં આવ્યા છે. ભારતમાં જન્મેલ સુંદર પિચાઈ ITI ખડગપુરના વિદ્યાર્થી રહેલ છે. તેઓ ગુગલમાં વર્ષ 2004માં ઉપાધ્યક્ષ (પ્રોડક્ટ મેનેજર) તરીકે સામેલ થયા જ્યાં તેમણે ગુગલના ક્રોમ બ્રાઉઝર અને ઓપરેટીંગ સિસ્ટમ પર કામ કરનાર ટીમની આગેવાની કરી.



- **ડૉ. એમ વીરપ્પા મોઈલી સરસ્વતી સન્માનથી સન્માનિત**

ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ નવી દિલ્હીમાં સંસદ સભ્ય (લોકસભા) ડૉ. એમ. વીરપ્પા મોઈલીને વર્ષ 2014ના 24મા સરસ્વતી સન્માનથી સન્માનિત કર્યા. ડૉ.

www.crackgpsc.com

મોઈલીને આ સન્માન કન્નડમાં રચિત તેમના મહાકાવ્ય 'શ્રી રામાયણ મહાન્વૈષ્ણમ' માટે આપવામાં આવ્યું. પાંચ ખંડોમાં વિભાજીત રામાયણ મહાન્વેષણ કન્નડમાં વર્ષ 2007માં પ્રકાશિત થયું હતું. ત્યાર બાદ કવિતાનું અંગ્રેજી, તેલુગુ અને તમિલમાં અનુવાદ કરવામાં આવ્યો.

**સરસ્વતી સન્માન**

- સરસ્વતી સન્માન ભારતના બંધારણની આઠમી અનુસૂચિમાં સૂચીબદ્ધ ભારતીય ભાષાઓમાં ઉત્કૃષ્ટ ગદ્ય કે કવિતા સાહિત્યિક કૃતિઓની માન્યતા માટે આપવામાં આવે છે.
- આ સન્માન પાછલા 10 વર્ષોની સાહિત્યિક કૃતિઓ માટે આપવામાં આવે છે.
- કે. કે. બિરલા ફાઉન્ડેશને વર્ષ 1991માં સરસ્વતી સન્માનની સ્થાપના કરી હતી.
- પ્રથમ સરસ્વતી સન્માન ડૉ. હરિવંશરાય બચ્ચનને તેમની આત્મકથાત્મક કૃતિ 'દસદ્વાર સે સોપાન તક' માટે આપવામાં આવ્યું હતું.
- આ સન્માન અંતર્ગત એક પ્રશસ્તિપત્ર, સ્મૃતિ ચિહ્ન અને 10 લાખ રૂપિયાનો ચેક આપીને સન્માનિત કરવામાં આવે છે.
- કે. કે. બિરલા ફાઉન્ડેશને સાહિત્ય ક્ષેત્રે ત્રણ પુરસ્કારોની સ્થાપના કરેલ છે. આમાં સરસ્વતી સન્માન, વ્યાસ સન્માન (હિન્દી માટે) અને બિહારી પુરસ્કાર (હિન્દી અને રાજસ્થાનના રાજસ્થાની લેખકો માટે) છે.

- **ભારતે એશિયન યુવા શતરંજ સ્પર્ધામાં ટોચનું સ્થાન મેળવ્યું**

ભારતે એશિયન યુવા શતરંજ સ્પર્ધામાં 17 ચંદ્રકો સાથે શીર્ષ સ્થાન મેળવ્યું. સ્પર્ધામાં ઈરાન બીજા સ્થાને રહ્યું.

- **ગુગલે પોતાની નવી મૂળ કંપની આલ્ફાબેટ ઇન્કનો શુભારંભ કર્યો**

સર્ચ એન્જીન ગુગલ ઇન્કે એક નવી મૂળ કંપની આલ્ફાબેટ ઇન્કનો શુભારંભ કર્યો. આ પુનર્ગઠન દ્વારા ગુગલની તમામ સહાયક કંપનીઓ 2015થી આલ્ફાબેટ ઇન્કને આધીન હશે. આલ્ફાબેટ ઇન્કની અધ્યક્ષતા સહ-સંસ્થાપક તથા વર્તમાન CEO લેરી પેજ કરશે જયારે અન્ય સહ-સંસ્થાપક સેર્ગેય બ્રિન આના અધ્યક્ષ હશે તથા એરિક શ્મિટ આના કાર્યકારી ચેરમેન હશે.

- **કોચી વર્લ્ડ ટુરીઝમ સિટીઝ ફેડરેશન કાઉન્સિલમાં સામેલ થનાર પ્રથમ ભારતીય શહેર**

બેઇજીંગ સ્થિત વર્લ્ડ ટુરીઝમ સિટીઝ ફેડરેશન કાઉન્સિલના સભ્ય તરીકે સામેલ થનાર કોચી પ્રથમ ભારતીય શહેર બન્યું.

- **દિલ્હી સરકાર દ્વારા CNG ફિટનેસ ગોટાળાની તપાસ માટે પેનલની રચના**

  દિલ્હી સરકારે કરોડો રૂપિયાના CNG ફિટનેસ કૌભાંડની તપાસ માટે એક સ્વતંત્ર પંચની રચના કરવાનો નિર્ણય કર્યો. આ પંચની અધ્યક્ષતા ઉચ્ચ ન્યાયાલયના સેવાનિવૃત્ત ન્યાયાધીશ, એસ. એન. અગ્રવાલ દ્વારા કરવામાં આવશે.

- **ભારત તથા વિશ્વ બેંક વચ્ચે એનસીઆરએમપી-II માટે સમજુતી**

  ભારત અને વિશ્વ બેંક વચ્ચે નેશનલ સાયક્લોન રિસ્ક મીટીગેશન પ્રોગ્રામ (NCRMP-II) માટે 308.40 મીલીયન ડોલરના કરાર થયા. આ કાર્યક્રમનો હેતુ સંકટનો સામનો કરવા માટે રાજ્યોની ક્ષમતા વધારવા તથા યોજનાઓને પ્રભાવી રીતે અમલમાં મુકવાનો છે.

- **પંકજ અડવાણીએ કરાચીમાં સ્નુકર ચેમ્પિયનશિપ ખિતાબ જીત્યો**

  ભારતના સ્નુકર ખેલાડી પંકજ અડવાણીએ ચીનના યાન બિંગાતાઓને હરાવીને વર્લ્ડ-6 રેડ સ્નુકર ચેમ્પિયનશિપમાં જીત નોંધાવી. આ તેમની કારકિર્દીનો 13મો વિશ્વ ખિતાબ છે.



- **સંજય જલોના એલ એન્ડ ટી ઈન્ફોટેકના CEO અને MD નિયુક્ત**

  સંજય જલોના એલ એન્ડ ટી ઈન્ફોટેકના CEO અને MD નિયુક્ત. એલ એન્ડ ટી એલ એન્ડ ટી ઈન્ફોટેકના યુનિટ વૈશ્વિક સ્તરે ઝડપથી વિકાસ કરતી એક કંપની છે.

- **જેઠાભાઈ પી. પટેલ GCMMF ના અધ્યક્ષ ચૂંટાયા**

  ભારતના અગ્રણ્ય ડેરી સહકારી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને (GCMMF) સાબર ડેરીના જેઠાભાઈ પી. પટેલને સર્વસંમતિથી અધ્યક્ષ ચૂંટ્યા. પટેલ વર્ષ 2010થી સાબરકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના અધ્યક્ષ છે.



www.crackgpsc.com

- **મહારાષ્ટ્ર સરકારે દહી હાંડીને સાહસિક ખેલનો દરજ્જો આપ્યો**

મહારાષ્ટ્ર સરકારના રમત અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી વિનોદ તાવડેએ દહી હાંડી ઉત્સવને સાહસિક રમતનો દરજ્જો આપવાની ઘોષણા કરી. આ ઉપરાંત સરકારે 12 વર્ષથી નાની વયના બાળકોને આ ઉત્સવમાં ભાગ લેવા પર પ્રતિબંધિત કર્યા.

- **ચીનના તિયાનજિન શહેરમાં થયેલ બે બ્લાસ્ટ્સમાં 44 લોકોનાં મૃત્યુ**

ચીનના ઉત્તર બંદર શહેર તિયાનજિનમાં રાત્રે થયેલ બે વિસ્ફોટમાં 44 લોકો માર્યા ગયા તથા 400થી વધુ ઘાયલ થયા. આ વિસ્ફોટ તિયાનજિનના ગોડાઉનમાં જ્વલનશીલ અને રાસાયણિક પદાર્થોમાં આગ લાગવાને કારણે થયા.

- **ન્યાયમૂર્તિ જયંત પટેલ ગુજરાત હાઈ કોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ નિયુક્ત**

ન્યાયમૂર્તિ જયંત પટેલને ગુજરાત હાઈ કોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ નિયુક્ત કરવામાં આવ્યા. કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિની નિમણુક ભારતના બંધારણની કલમ 223 અનુસાર થાય છે.

- **લીબિયાના વડાપ્રધાન દ્વારા લાઈવ ટીવી કાર્યક્રમ દરમ્યાન રાજીનામાની ઘોષણા**

લીબિયાના વડાપ્રધાન અબ્દુલ્લા અલ-થિનીએ ખાનગી ટીવી ચેનલ પર એક લાઈવ પ્રોગ્રામ દરમ્યાન રાજીનામાની ઘોષણા કરી. લીબિયામાં વર્ષ 2011માં આના મુખ્ય નેતા મુઅમ્માર ગદ્દાફી વિરુદ્ધ વિદ્રોહ બાદથી જ રાજનૈતિક અસ્થિરતાનો તબક્કો ચાલુ છે.

- **સુધાકર શેટ્ટી જીમ્નેસ્ટિક્સ મહાસંઘના અધ્યક્ષ તરીકે ચૂંટાયા**

મહારાષ્ટ્રના સુધાકર શેટ્ટીને ભારતીય જીમ્નેસ્ટિક્સ મહાસંઘના (GFI) નવા અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા.

- **હીરો સાઇકલના સંસ્થાપક ઓમ પ્રકાશ મુંજાલનું નિધન**

હીરો સાયકલ લિ.ના ફાઉન્ડર ઓમ પ્રકાશ મુંજાલનું નિધન થઇ ગયું. મુંજાલને દેશમાં સાયકલ ઉદ્યોગના જનક તરીકે ઓળખવામાં આવે છે. હીરો સાયકલનું કારખાનું 1956માં લુધિયાણામાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. હીરો સાયકલને 1986માં દુનિયાની સૌથી વધુ સાયકલ બનાવનાર કંપની તરીકે ગિનીઝ બુકમાં સ્થાન મળ્યું હતું.

કરન્ટ શતક
Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
2500 પ્રશ્નો જવાબ સહિત

www.crackgpsc.com

## ➢ 3rd week

- **શમીમ હનફી જ્ઞાનગરિમા માનદ્ અલંકરણ પુરસ્કાર માટે પસંદગી પામ્યા**

  પ્રસિદ્ધ ઉર્દૂ સાહિત્યકાર શમીમ હનફીને ભારતીય જ્ઞાનપીઠ દ્વારા વર્ષ 2015થી શરૂ કરાયેલ પ્રથમ જ્ઞાનગરિમા માનદ્ અલંકરણ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા. આ પુરસ્કાર જ્ઞાનપીઠના સાત દશક પૂર્ણ થવા નિમિત્તે શરૂ કરવામાં આવ્યો છે. આ પુરસ્કારમાં એક વર્ષ સુધી માસિક માનદેય આપવામાં આવે છે.

- **ઓમ પ્રકાશ રાવત ભારતના ચૂંટણી કમિશનર નિયુક્ત**

  ઓમ પ્રકાશ રાવતને ભારતના ચૂંટણી કમિશનર નિયુક્ત કરવામાં આવ્યા. ભારતના બંધારણની કલમ 324(2)ને આધિન મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરની નિમણુકનો અધિકાર ભારતના રાષ્ટ્રપતિને છે. ચૂંટણી કમિશનર અને મુખ્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ છ વર્ષ કે 65 વર્ષની ઉંમર, આમાં જે પહેલાં હોય, સુધીનો હોય છે.

- **ભારતે સ્પેનને હરાવીને હોકી ટેસ્ટ સીરીઝ જીતી**

  ભારતીય હોકી ટીમે સ્પેન સ્થિત સેંટ કુગાટ ડેલ વેલ્સમાં આયોજિત ટેસ્ટ મેચની ત્રીજી મેચમાં સ્પેનને હરાવીને હોકી ટેસ્ટ સીરીઝ જીતી.

- **સ્પેનના ફૂટબોલ ક્લબ બાર્સેલોનાએ યુઈએફએ ફૂટબોલ સુપર કપ જીત્યો**

  સ્પેનના ફૂટબોલ ક્લબ બાર્સેલોનાએ યુઈએફએ સુપર કપ ફૂટબોલનો ખિતાબ જીત્યો. મૈસીને યુઈએફએ સુપર કપ ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઈનલના સર્વશ્રેષ્ઠ ખેલાડી ઘોષિત કર્યા.

  **યુઈએફએ સુપર કપ**

  યુઈએફએ સુપર કપ એક વાર્ષિક ફૂટબોલ મેચ છે જે બે મુખ્ય યુરોપિયન ક્લબ સ્પર્ધાઓ, યુઈએફએ ચેમ્પિયન લીગ અને યુઈએફએ યુરોપ લીગના વિજેતા ચેમ્પિયન વચ્ચે રમાય છે.

- **ઈરડાએ બેંકોને વીમા કંપનીઓ સાથે ગઠબંધનની પરવાનગી આપી**

  ઇન્સ્યુરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટીએ બેંકોને વીમા કંપનીઓ સાથે ગઠબંધન કરવાની પરવાનગી આપી. આ નિર્ણય ટૂંક સમયમાં જ નોટિફાઇડ થનાર 'બેંકએસ્યુરન્સ'નાં દિશા-સૂચનો આધારિત છે. આ પહેલા કોઈ બેંક એક થી વધુ વીમા કંપનીઓ સાથે કરાર કરી શકતી ન હતી. પરંતુ આ નિર્ણય અંતર્ગત એક બેંક 'જીવન વીમા', બિન-જીવન વીમા' અને 'સ્વાસ્થ્ય વીમા' શ્રેણી અંતર્ગત 9 વીમા કંપનીઓ સાથે કરાર કરી શકે છે.

www.crackgpsc.com




- **પહલ યોજના ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નોંધાઈ**

કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી પ્રત્યક્ષ હસ્તાંતરિત લાભ (પહલ) યોજનાને (DBTL - Direct Benefit Transfer of LPG) ગિનીઝ બુક દ્વારા વિશ્વના સૌથી મોટા રોકડ હસ્તાંતરણ કાર્યક્રમ તરીકે માન્યતા આપવામાં આવી.

**પહલ યોજના** :

- આ યોજનાને ઔપચારિક રીતે 291 જિલ્લાઓમાં વર્ષ 2013માં LPG સબસીડી માટે પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ યોજના તરીકે શરુ કરવામાં આવી હતી.
- આ યોજનાને નવેમ્બર 2014માં પહલ તરીકે પસંદ કરવામાં આવી અને તે બાદ 54 જિલ્લાઓમાં આ યોજનાનો વિસ્તાર કરવામાં આવ્યો.
- 1 જાન્યુઆરી 2015થી આ યોજના દેશભરમાં લાગુ કરવામાં આવી.
- આ યોજનાનો હેતુ નકલી અને એક જ નામના ડબલ LPG કનેક્શનને સમાપ્ત કરવાનો તથા સસ્તા LPGનો દુરુપયોગ રોકવાનો છે.
- આ યોજના હેઠળ સબસીડી વાળા સિલીન્ડર બજાર કિંમતે વેચવામાં આવે છે અને સિલીન્ડર પર મળનારી સબસીડી સીધી જ ઉપભોક્તાઓના ખાતામાં જમા કરવામાં આવે છે.

- **અમેરિકા-ભારત સાઈબર ચર્ચા 2015 વોશિંગ્ટન, ડીસીમાં સંપન્ન**

વર્ષ 2015ની ભારત-અમેરિકા સાઈબર ચર્ચા-વિચારણા વોશિંગ્ટન ડીસીમાં સંપન્ન થઇ. તેનો હેતુ વૈશ્વિક સાઈબર સુરક્ષાને વધારવાનો તથા ડીજીટલ અર્થવ્યવસ્થાનો વિકાસ કરવાનો છે. પ્રતિનિધિ મંડળે વિવિધ સાઈબર જોખમો પર વિચારણા કરી. આગામી ચર્ચા 2016માં દિલ્હીમાં યોજાશે.

- **મરાઠી લેખક શ્યામ મનોહર કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર માટે પસંદ**

વર્ષ 2015નો કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર માટે મરાઠી લેખક શ્યામ મનોહરને પસંદ કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર પ્રસિદ્ધ કન્નડ કવિ કુવેમ્પુની યાદમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો.

- **ભારત અને નેપાળ વચ્ચે પેટ્રોલિયમ પાઈપ લાઈનના નિર્માણ માટે સમજુતી**

કેન્દ્રીય મંત્રી મંડળે રક્સોલ (ભારત)થી એમલેખગંજ (નેપાળ) સુધી પેટ્રોલિયમ ઉત્પાદનોના પુરવઠા માટે પાઈપ લાઈનના નિર્માણ માટે સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવાની મંજુરી

www.crackgpsc.com

આપી. કેન્દ્ર સરકાર તરફથી ઇન્ડિયન ઓઈલ કોર્પ.ને (IOC) પાઈપ લાઈનના નિર્માણનું કામ સોંપવામાં આવ્યું છે.

- **પાવરકોમે દેશની વીજ વિતરણ સંસ્થાઓમાં સર્વશ્રેષ્ઠ રેટિંગ મેળવી**

  પાવરકોમે (પંજાબ રાજ્ય પાવર કોર્પોરેશન) ઉર્જા મંત્રાલય તરફથી દેશના 40 રાજ્યોની વીજ વિતરણ સંસ્થાઓમાં કરાયેલ રેટિંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું.

- **ટેસ્ટ મેચમાં આઠ કેચ લઈને રહાણેએ નવો વિશ્વ વિક્રમ સર્જ્યો**

  ભારતીય ક્રિકેટ ખેલાડી અંજિક્ય રહાણે ટેસ્ટ મેચમાં સર્વાધિક આઠ કેચ પકડનાર પ્રથમ ખેલાડી બન્યા. રંગના હેરાથાનો કેચ પકડવાની સાથે જ રહાણેએ આ રેકોર્ડ પોતાના નામે કર્યો. આ પહેલાં ભારતના યજુર્વિંદર સિંહ, ઓસ્ટ્રેલિયાના ગ્રેગ ચેપલ, શ્રીલંકાના હશન તિલકરત્ને, ન્યુઝીલેન્ડના સ્ટીફન ફ્લેમિંગ અને ઓસ્ટ્રેલિયાના મેથ્યુ હેડનના નામે સૌથી વધુ સાત કેચનો રેકોર્ડ હતો. યજુર્વિંદરસિંહે 1977માં સૌથી વધુ 7 કેચ લીધા હતા.

- **પ્રો. મુતંશિર બર્માને ગુજર મલ મોદી એવોર્ડ ફોર ઇનોવેટીવ સાયન્સ એન્ડ ટેકનોલોજી પુરસ્કાર**

  પ્રો. મુતંશિર બર્માને 2015 માટે ગુજર મલ મોદી એવોર્ડ ફોર ઇનોવેટીવ સાયન્સ એન્ડ ટેકનોલોજી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. પ્રો. બર્માને વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે તેમના યોગદાન માટે આપવામાં આવશે. તેમણે ભારતમાં ન્યુમરીકલ જીઓમેટ્રી ક્ષેત્રે અપાર યોગદાન આપ્યું છે.

  **ગુજરમલ મોદી એવોર્ડ ફોર ઇનોવેટીવ સાયન્સ એન્ડ ટેકનોલોજી પુરસ્કાર**

  - આ પુરસ્કાર વર્ષ 1988માં ઉદ્યોગપતિ ગુજરમલ મોદીની સ્મૃતિમાં જીએમ મોદી ફાઉન્ડેશન દ્વારા સ્થાપવામાં આવ્યો હતો.
  - આ પુરસ્કાર દર વર્ષે 9 ઓગસ્ટે વિજ્ઞાન અને ટેકનોલોજી માટે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વૈજ્ઞાનિકને આપવામાં આવે છે.
  - પ્રો. સતીશ ધવનને અંતરિક્ષ અને રીમોટ સેન્સિંગ ટેકનોલોજી પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

- **ખાનગી ક્ષેત્રના બે વ્યવસાયિકો બેંક ઓફ બરોડા અને કેનેરા બેંકના પ્રમુખ**

  કેન્દ્ર સરકારે પી. એસ. જયકુમારને બેંક ઓફ બરોડાના MD અને CEO તથા રાકેશ શર્માને કેનેરા બેંકના MD અને CEO નિયુક્ત કર્યા. પ્રથમ વખત ખાનગી ક્ષેત્રના પ્રોફેશનલ્સને સાર્વજનિક ક્ષેત્રની બેંકોના પ્રમુખ કરવામાં આવ્યા. આ પહેલાં સાર્વજનિક ક્ષેત્રની બેંકોના

www.crackgpsc.com

પ્રમુખોની પસંદગી સરકારી બેંકો કે સરકારી અધિકારીઓમાંથી કરવામાં આવતી હતી. આ ઉપરાંત IDBI બેંકના ડેપ્યુટી MD એમ. ઓ. રેગોને બેંક ઓફ ઇન્ડિયાના નવા MD તથા CEO નિયુક્ત કરવામાં આવ્યા. યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર કિશોર ખારત પીરાજીને IDBI બેંકના MD તથા CEO અને ભારતીય મહિલા બેંકનાં CMD ઉષા અનંતસુબ્રમણ્યમને પંજાબ નેશનલ બેંકનાં પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યાં.

- **મંગળયાને મંગળ ગ્રહ સ્થિત 'વેલિસ મરીનેરીસ' ઘાટીનાં 3D ચિત્રો મોકલ્યાં**

ભારતના મંગળયાને મંગળ ગ્રહ પર આવેલ સૌર મંડળની સૌથી મોટી ઘાટી 'વેલિસ મરીનેરીસ'નાં 3D ચિત્રો મોકલ્યાં છે. મંગળ ગ્રહની સપાટીથી 1857 કિમીની ઊંચાઈએથી મંગળયાને પોતાના વિશેષ કેમેરાથી જે ભાગના ફોટોગ્રાફ્સ લીધા છે, તેને 'ઓપિર ચશ્મા' કહેવાય છે. વેલિસ મરીનેરીસ લગભગ 5000 કિમી લાંબી ઘાટી છે.

- **વડાપ્રધાન દ્વારા નવા અભિયાન 'સ્ટાર્ટ અપ ઇન્ડિયા, સ્ટેન્ડ અપ ઇન્ડિયા'નો શુભારંભ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક નવા અભિયાન સ્ટાર્ટ અપ ઇન્ડિયા, સ્ટેન્ડ અપ ઇન્ડિયાનો શુભારંભ કર્યો. આનો હેતુ દેશમાં નવા લઘુ ઉદ્યોગોને બેંકો દ્વારા પ્રોત્સાહન આપવાનો તથા ઉદ્યમ અને રોજગારની તકો વધારવાનો છે. આ પહેલ અંતર્ગત દેશમાંની 1.25 લાખ બેંકોની તમામ શાખાઓએ ઓછામાં ઓછા એક દલિત અથવા જનજાતીય ઉદ્યમી અને એક મહિલા ઉદ્યમીને પ્રોત્સાહન આપવું જોઈએ. આના અંતર્ગત લઘુ ઉદ્યોગો શરુ કરવા માટે લોકોને સરળ લોનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- **કૃષિ વિભાગ હવે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના નામથી ઓળખાશે**

ખેડૂતોના કલ્યાણને સંસ્થાગત સ્વરૂપ આપવા માટે કૃષિ મંત્રાલયને હવે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના નામથી ઓળખવામાં આવશે. આના દ્વારા ખેડૂતોની પોતાની સમસ્યાઓ તથા તેમના દ્વારા સહન કરવામાં આવતી અન્ય મુશ્કેલીઓનું નિદાન કરવામાં આવશે.

- **'પીકુ'એ મેલબર્ન ફિલ્મ મહોત્સવમાં સર્વશ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર જીત્યો**

અમિતાભ બચ્ચન અભિનીત હિન્દી ફિલ્મ પીકુએ મેલબર્ન ફિલ્મ મહોત્સવમાં (IFFM-2015) સર્વશ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર મેળવ્યો. સર્વશ્રેષ્ઠ નિર્દેશકનો પુરસ્કાર સુજીત સરકારને તથા સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર ભૂમિ પડનેકરને ફિલ્મ 'દમ લગા કે હઈશા' માટે આપવામાં આવ્યો. સર્વશ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર ઈરફાન ખાનને 'પીકુ' માટે આપવામાં આવ્યો.

- **સાયના નેહવાલ વિશ્વ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી**

www.crackgpsc.com

ભારતની ટોચની બેડમિન્ટન ખેલાડી સાયના નેહવાલ વિશ્વ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય ખેલાડી બની. વિશ્વ ચેમ્પિયનશિપમાં આ ભારતનો પાંચમો ચંદ્રક છે. પ્રકાશ પાદુકોણ ભારતના પ્રથમ ખેલાડી હતા જેમણે વર્ષ 1983માં કાસ્ય ચંદ્રક મેળવ્યો હતો.

- **ટેનિસ ખેલાડી એન્ડી મર્રેએ માંટ્રિયલ માસ્ટર્સ ખિતાબ જીત્યો**

બ્રિટનના ટેનિસ ખેલાડી એન્ડી મર્રેએ 'માંટ્રિયલ માસ્ટર્સ' ખિતાબ જીત્યો. આ મર્રેના કરિયરનો 35મો ખિતાબ છે. તેમણે કુલ 11મી વખત માસ્ટર્સ ખિતાબ જીત્યો છે.

- **હાઉસિંગ ડોટકોમે હોમબાય 360નું અધિગ્રહણ કર્યું**

મુંબઈ આધારિત રીઅલ એસ્ટેટ લિસ્ટિંગ પોર્ટલ હાઉસિંગ ડોટકોમે બેંગલુરુ આધારિત કંપની હોમબાય 360નું 2 મિલિયન અમેરિકન ડોલરમાં અધિગ્રહણ કર્યું. હાઉસિંગ ડોટકોમ ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (IIT) મુંબઈના 12 વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ 2012માં સ્થાપિત રીઅલ એસ્ટેટ સર્ચ પોર્ટલ છે.

- **17 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર આપવામાં આવશે**

આ વર્ષે 17 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર આપવામાં આવશે. દર વર્ષે 15 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર આપવામાં આવે છે પરંતુ આ વખતે 17 ખેલાડીઓને આ સન્માન આપવામાં આવશે.

- **અનિર્બાન લાહિડીએ પીજીએ ચેમ્પિયનશિપમાં 5મું સ્થાન મેળવ્યું**

અનિર્બાન લાહિડીએ પીજીએ ચેમ્પિયનશિપમાં 5મું સ્થાન મેળવ્યું. તેઓ આ રેકોર્ડ બનાવનારા પ્રથમ ભારતીય ખેલાડી બન્યા. તેઓ કોઈ મેજર ટુર્નામેન્ટમાં 5મા સ્થાને પહોંચનાર પ્રથમ ભારતીય જયારે યાંગ પછી બીજા એશિયન ગોલ્ફર બની ગયા. આ પહેલાં જીવ મિલ્ખાસિંઘ નવમું સ્થાન મેળવી ચુક્યા છે.

- **ઇન્ડોનેશિયા વિમાન દુર્ઘટનામાં 54 લોકો માર્યા ગયા**

ઇન્ડોનેશિયામાં ત્રિગાના હવાઈ સેવાનું એટીઆર 42-300 હવાઈ જહાજ ઇન્ડોનેશિયાના પર્વતીય પ્રાંત પાપુઆમાં દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું. આ દુર્ઘટનામાં 54 લોકો માર્યા ગયા. વર્ષ 1991માં શરૂ થયેલ ત્રિગાના હવાઈ સેવાની 14 ફ્લાઇટ્સ દુર્ઘટનાનો શિકાર થયેલ છે. યુરોપિયન સંઘે આને 2007થી જ બ્લેક લિસ્ટમાં સામેલ કરી દીધું હતું.

- **તુર્કીની અજ્લ્હ ચૈકીર અલ્પતેકીન પાસેથી ઓલિમ્પિક ગેમ્સમાં મેળવેલ સુવર્ણ ચંદ્રક પાછા લેવાયા**



www.crackgpsc.com

તુર્કીની એથ્લીટ અજલ્હ ચૈકીર અલ્પતેકીન પાસેથી 2012ની ઓલિમ્પિક ગેમ્સમાં 1500 મીટર દોડમાં જીતેલ સુવર્ણ ચંદ્રક પાછા લઇ લેવામાં આવ્યા. તેમના લોહીના રિપોર્ટમાં ડોપિંગની ખબર પડવાથી આ નિર્ણય લેવામાં આવ્યો. એમની પર આગામી આઠ વર્ષ સુધી કોઈ પણ સ્પર્ધામાં ભાગ લેવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો.

- **રોજર્સ કપ ટેનિસ ટુર્નામેન્ટ**

બ્રિટનના ટેનિસ ખેલાડી એંડી મર્રેએ નોવાક જોકોવિચને હરાવીને પુરુષ વર્ગનો ખિતાબ જીત્યો. સ્વીત્ઝરલૅન્ડની ટેનિસ ખેલાડી બેલીંડા બેનસિચે મહિલા વર્ગનો ખિતાબ મેળવ્યો. અમેરિકન-ચેક જોડી બેથાની મટેક-સેન્ડ્સ અને લુસી સાફારોવાએ મહિલા યુગલનો ખિતાબ જીત્યો. અમેરિકાના બ્રાયન બ્રધર્સે (બોબ-માઈક) પુરુષ યુગલ ખિતાબ જીત્યો.

- **બિરલા કોર્પ દ્વારા લાફાર્જ ઇન્ડિયાના અધિગ્રહણ માટે સમજુતી**

બિરલા કોર્પે લાફાર્જ ઇન્ડિયાના બે સિમેન્ટ યુનિટ્સનું અધિગ્રહણ કરવા માટે સમજુતી કરી. બિરલા કોર્પ આ યુનિટ્સને 5,000 કરોડ રૂપિયામાં ખરીદશે. આ યુનિટ્સ જોજોબેડા (ઝારખંડ) તથા સોનોડીહમાં (છત્તીસગઢ) સ્થિત છે. વર્ષ 1919માં સ્થપાયેલ બિરલા કોર્પોરેશનની વાર્ષિક સિમેન્ટ ઉત્પાદન ક્ષમતા એક કરોડ ટન છે. આ અધિગ્રહણ બાદ તે વધીને 1.5 કરોડ ટન થઇ જશે. લાફાર્જ ફ્રાન્સની કંપની છે, જેણે 1999માં ટાટા સ્ટીલના સિમેન્ટ વેપારનું અધિગ્રહણ કરીને ભારતમાં પ્રવેશ કર્યો હતો.

- **દિલ્હી સરકારે સિટી ટેક્સી યોજનાની ઘોષણા કરી**

દિલ્હી સરકારે નવી યોજના 'સિટી ટેક્સી'ની ઘોષણા કરી જે હેઠળ 600 સીસી વાહનોને પરમીટ આપવામાં આવશે. આ મુજબ 600 સીસી અને 749 સીસીની નાની ટેક્સીઓનું પ્રથમ બે કિમી માટેનું ભાડું 25 રૂપિયા હશે, જે ઓટો રીક્ષાના ભાડા બરાબર છે. બે કિમી બાદ પેસેન્જરોએ 10 રૂપિયા દર કીમીએ ચૂકવવાના રહેશે, જે વર્તમાનમાં ઓટો રીક્ષાના 8.5 રૂપિયા દર કિમીથી વધુ છે. આ યોજના હેઠળ સંચાલિત ટેક્સીનો રંગ સફેદ રાખવામાં આવશે, જેનો હેતુ ટેક્સીઓ પર જાહેરાત માટે સ્પેસ ઉપલબ્ધ કરાવવાનો હશે. ટેક્સીની ટોચ પર લીલા અને લાલ રંગની એક LCD ડિસ્પ્લે લાગેલ હશે, જે દર્શાવશે કે ટેક્સી ઉપલબ્ધ છે કે નહી.

- **રવિકુમારે જુનિયર વિશ્વ કુસ્તી ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક જીત્યો**

ભારતીય પહેલવાન રવિ કુમારે બ્રાઝિલના સાલ્વાડોર ડે બાહિયામાં આયોજિત જુનિયર વિશ્વ કુસ્તી ચેમ્પિયનશિપમાં ફ્રીસ્ટાઇલ સ્પર્ધાના 55 કિગ્રા વર્ગમાં રજત ચંદ્રક મેળવ્યો.

www.crackgpsc.com

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત આરબ અમીરાત (UAE)ની મુલાકાત લીધી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત આરબ અમીરાત (UAE)ની મુલાકાત લીધી. તેઓ છેલ્લાં 34 વર્ષોમાં UAE જનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. આ પહેલાં વર્ષ 1981માં તત્કાલિન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ UAEની મુલાકાત લીધી હતી. વડાપ્રધાને અબુ ધાબીના પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન અને સંયુક્ત આરબ અમીરાતના ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન રશિદ અલ મકતુમ સાથે દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરી. UAE સરકારે પ્રવાસી ભારતીય સમુદાયની માંગણીને માન આપીને એક મંદિર બનાવવા માટે જમીન આપવાની ઘોષણા કરી. દુબઈમાં ભારતીય સમુદાયનાં બે મંદિર છે, જેમાંથી એક કૃષ્ણ અને બીજું શિવજીનું છે. આ અબુ ધાબીમાં પ્રથમ હિંદુ મંદિર હશે. વડાપ્રધાને શેખ ઝાયેદ મસ્જીદની મુલાકાત લીધી. આ મસ્જીદ સાઉદી અરબની મક્કા અને મદીના મસ્જીદ બાદ દુનિયાની ત્રીજી સૌથી મોટી મસ્જીદ છે. મોદીએ કાર્બન મુક્ત શહેર મસદરની મુલાકાત પણ લીધી. UAEમાં લગભગ 26 લાખ પ્રવાસી ભારતીય કર્મચારીઓ રહે છે જેઓ UAEની કુલ વસ્તીના 30% બરાબર છે.

**મસદર**

મસદરને સિટી ઓફ ફ્યુચર કહેવામાં આવે છે. UAEના વિકાસ મોડલને સમજવા માટે તથા સ્માર્ટ સિટી કેવું હોવું જોઈએ તેનું એક ઉત્તમ ઉદાહરણ મસદર છે. આ શૂન્ય કાર્બન શહેર છે અને પોતાની સ્વચ્છતા માટે જાણીતું છે. મસદર શહેરને બનાવવાનું કામ વર્ષ 2008માં શરુ થયું હતું. આને દુનિયાના પ્રથમ ઇકો-ફ્રેન્ડલી શહેર તરીકે વિકસાવવામાં આવેલ છે. મસદરમાં જવા માટે કારને શહેરની બહાર પાર્ક કરવી પડશે અને ત્યાંથી ઇકો-ફ્રેન્ડલી કાર્સ પીક કરીને શહેરમાં લઇ જશે. અહીં ભવિષ્યમાં ગાડીઓ પેટ્રોલ ડીઝલથી નહી પરંતુ બેટરીથી ચાલશે. મસદરનું વિન્ડ ટાવર 22 હેક્ટરમાં ફેલાયેલું છે જેમાં 88 હજાર સોલર પેનલ લાગેલ છે. અહીં બિલ્ડીંગ્સમાં લાઈટ્સ માટે કોઈ સ્વિચ નથી અને મોશન સેન્સર ટેકનીકથી લાઈટ્સ ઓન-ઓફ થાય છે જેનાથી 51% વીજળીની બચત થાય છે.

- **વડાપ્રધાને બિહાર માટે 1.25 લાખ કરોડ રૂપિયાના વિશેષ પેકેજની ઘોષણા કરી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહાર માટે 1.25 લાખ કરોડ રૂપિયાના વિશેષ પેકેજની ઘોષણા કરી. આ સિવાય તેમણે 9700 કરોડ રૂપિયાના ખર્ચવાળી 11 રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો. આ રાજમાર્ગની કુલ લંબાઈ 700 કિમી હશે. વડાપ્રધાને

www.crackgpsc.com

બિહારમાં કૌશલ્ય વિકાસ કેન્દ્રના પ્રથમ ચરણનું ઉદઘાટન કર્યું. તેમણે પટનામાં મહિલાઓ માટે રાજ્યના પ્રથમ સ્થાનિક વોકેશનલ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટનો શિલાન્યાસ પણ કર્યો.

- **ICICI બેંકે ઓટોમેટીક ડિજીટલ લોકરનો શુભારંભ કર્યો**

ICICI બેંકે સંપૂર્ણ ઓટોમેટીક ડિજીટલ લોકર 'સ્માર્ટ વોલ્ટ'ની શરૂઆત કરી. આ લોકર ગ્રાહકોને વિકેન્ડ અને બેંકીંગ અવર્સ પછી પણ સુવિધા પ્રદાન કરશે. ગ્રાહક શાખાના હસ્તક્ષેપ વગર આ સેવાનો લાભ લઇ શકશે. દેશમાં આ પ્રકારની આ પ્રથમ સુવિધા છે.

**સ્માર્ટ વોલ્ટ**

સ્માર્ટ વોલ્ટ રોબોટ ટેકનોલોજી પર આધારિત છે જેના કારણે આમાં માનવીય હસ્તક્ષેપ ઓછામાં ઓછું સંભવ છે. આ વોલ્ટમાં રેડિઓ ફ્રિકવન્સી આઇડેન્ટિફીકેશન ઇનેબલ્ડ સિસ્ટમ ગ્રાહકના સ્કેન્ડ ડેટાને રોબોટિક આર્મ સુધી મોકલી આપે છે જે લોકર બહાર લાવે છે. લોકર પર કાર્ય પૂર્ણ થયા બાદ રોબોટિક આર્મ લોકરને પુનઃ પોતાના સ્થાને મોકલી આપે છે.

- **રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનાં પત્ની સુવ્રા મુકરજીનું નિધન**

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનાં પત્ની સુવ્રા મુખરજીનું નિધન થઇ ગયું. સુવ્રા મુખરજી રવીન્દ્ર સંગીતનાં ગાયિકા હતાં, તે ઉપરાંત તેઓ ચિત્રકાર પણ હતાં. તેમણે 'ગીતાંજલિ મંડલી'ની સ્થાપના કરી હતી. જેનો હેતુ ગીતો અને નૃત્ય-નાટકોના માધ્યમથી રવિન્દ્રનાથ ટાગોરના દર્શનનો પ્રચાર કરવાનો છે. તેમણે 'ચોખેર એલોએ' પુસ્તકમાં ઇન્દિરા ગાંધી સાથે તેમની ક્લોઝ વાતચીતનો ઉલ્લેખ કર્યો છે. તેમની અન્ય પુસ્તક 'ચેના અચેનઈ ચિન'માં ચીનની તેમની યાત્રાનો વૃત્તાંત છે.

- **કોચિન એરપોર્ટ સૌર ઊર્જાથી ચાલનાર વિશ્વનું પ્રથમ એરપોર્ટ બન્યું**

કોચિન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સૌર ઊર્જાથી ચાલનાર વિશ્વનું પ્રથમ એરપોર્ટ બન્યું. કેરલના મુખ્યમંત્રી ઓમાન ચાંડીએ એરપોર્ટ પર 12 મેગાવોટ પીકવાળા સૌર ઊર્જા પ્લાન્ટનું ઉદઘાટન કર્યું. આ પ્લાન્ટમાં 46,150 સોલર પેનલ છે જેને 45 એકરના કાર્ગો ક્ષેત્રમાં ફેલાવેલ છે. આના દ્વારા કોચિન એરપોર્ટ દરરોજ 50000 થી 60000 યુનિટ સૌર ઊર્જાનું ઉત્પાદન કરશે. આ ઊર્જાનો પ્રયોગ એરપોર્ટ પર ઉપયોગમાં લેવામાં આવતી વીજળીના વપરાશ માટે કરવામાં આવશે. આનાથી આવનાર 25 વર્ષોમાં કોલસા આધારિત ઉર્જા પ્લાન્ટમાં વીજળી બનાવવાની પ્રક્રિયા દરમ્યાન ઉત્સર્જીત થનાર 3 લાખ મેટ્રિક ટનથી પણ વધુ કાર્બન ડાયોક્સાઈડથી રાહત મળશે. કાર્બન ડાયોક્સાઈડના આ જથ્થાને ઉત્સર્જીત થતાં રોકવું એ 30 લાખ વૃક્ષો રોપવા બરાબર છે.

www.crackgpsc.com

- **હોકી વર્લ્ડ લીગની ફાઈનલ બેચની મેજબાની માટે રાયપુરની પસંદગી**

  આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘે ઘોષણા કરી કે છત્તીસગઢની રાજધાની રાયપુર હોકી વર્લ્ડ લીગની ફાઈનલ મેચની મેજબાની કરશે. આ સ્પર્ધામાં આઠ દેશોની ટીમ ભાગ લેશે. આ રાયપુરમાં આયોજિત થનાર પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા હશે.

- **તાજમહેલ વિશ્વનું પાંચમું સૌથી આકર્ષક પર્યટક સ્થળ: લોનલી પ્લેનેટ**

  પર્યટન ગાઈડ પુસ્તકોની વિશ્વ પ્રસિદ્ધ પ્રકાશન 'લોનલી પ્લેનેટે' (બ્રિટન) તાજમહેલને વિશ્વનું પાંચમું સૌથી આકર્ષક પર્યટક સ્થળ ઘોષિત કર્યું. સુચિમાં ઉત્તર કંબોડિયા સ્થિત યુનેસ્કો વિશ્વ વિરાસત અંગકોરવાટનાં મંદિર પ્રથમ ક્રમે છે. અહીં એક હજારથી વધુ મંદિરો, તીર્થસ્થાનો અને સમાધિઓ છે, જે દર વર્ષે 20 લાખ પર્યટકોને આકર્ષે છે. ઓસ્ટ્રેલિયામાં ક્વીન્સલેન્ડના પૂર્વોત્તર તટને સમાંતર સ્થિત વિશ્વની સૌથી મોટી 'ધ ગ્રેટ બેરીયર રીફ' એટલે કે 'મૂંગાની દીવાલ' યાદીમાં બીજા ક્રમે છે. આની લંબાઈ લગભગ 1,200 માઈલ તથા પહોળાઈ 10થી 90 માઈલ સુધી છે.

- **હિમાચલ પ્રદેશની તમામ સરકારી શાળાઓમાં સંસ્કૃત અનિવાર્ય વિષય**

  હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહની અધ્યક્ષતામાં આયોજિત હિમાચલ સંસ્કૃત અકાદમીની બેઠકમાં પ્રદેશની તમામ સરકારી શાળાઓમાં સંસ્કૃતને અનિવાર્ય વિષય કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

- **એથ્લેટિક ક્લબ બિલબાઓએ સ્પેનિશ સુપર કપ ખિતાબ જીત્યો**

  એથ્લેટિક ક્લબ બિલબાઓ FCએ બાર્સેલોનાને હરાવીને 31 વર્ષ બાદ સ્પેનિશ સુપર કપ ખિતાબ જીતી લીધો. સ્પેનિશ સુપર કપની સૌથી સફળ ટીમ બાર્સેલોના છે, જે અત્યાર સુધી કુલ 11 વખત ફાઈનલ ખિતાબ જીતી ચુકી છે.

- **બાંગ્લાદેશે દક્ષિણ એશિયા ફૂટબોલ ફેડરેશન અન્ડર-16નો ખિતાબ જીત્યો**

  ભારતને હરાવીને બાંગ્લાદેશે પ્રથમ વખત દક્ષિણ એશિયા ફૂટબોલ ફેડરેશન (SAFF) અન્ડર-16નો ખિતાબ જીત્યો.

- **વર્ષ 2015ના ધ્યાનચંદ પુરસ્કારો માટે નામોની ભલામણ**

  પૂર્વ હોકી કેપ્ટન જફર ઇકબાલની અધ્યક્ષતાવાળી સમિતિએ વર્ષ 2015ના ધ્યાનચંદ પુરસ્કારો માટે એસ. પી. મિશ્રા, ટી. પી. પી. નાયર અને રોમિયોનાં નામોની ભલામણ કરી.

www.crackgpsc.com







**ધ્યાનચંદ પુરસ્કાર :**

- સ્પોર્ટ્સ મિનીસ્ટ્રી દ્વારા ધ્યાનચંદ પુરસ્કાર રમત ક્ષેત્રે આજીવન સિદ્ધિ માટે આપવામાં આવતો ભારતનો સર્વોચ્ચ પુરસ્કાર છે.
- ધ્યાનચંદ પુરસ્કાર મહાન ભારતીય હોકી ખેલાડી ધ્યાનચંદના નામ પર છે.
- ધ્યાનચંદ પુરસ્કાર વર્ષ 2002માં શરૂ કરવામાં આવ્યો હતો.
- આ પુરસ્કાર સ્વરૂપે એક પ્રતિમા, પ્રમાણપત્ર, પારંપરિક પોષક અને પાંચ લાખ રૂપિયા રોકડ આપવામાં આવે છે.

- **UNFGG ગઠબંધને શ્રીલંકા સંસદીય ચૂંટણી 2015માં જીત મેળવી**

યુનાઇટેડ નેશનલ પાર્ટી (UNP)ના નેતૃત્વવાળા યુનાઇટેડ નેશનલ ફ્ન્ટ ફોર ગુડ ગવર્નન્સ (UNFGG) ગઠબંધને 106 બેઠકો મેળવીને શ્રીલંકાની સંસદીય ચૂંટણીમાં જીત મેળવી. પરંતુ UNP 225 સદસ્યીય સંસદમાં પૂર્ણ બહુમત મેળવવામાં અસફળ રહી.

- **AFI અધ્યક્ષ આદિલ સુમારીવાલા IAAF પરિષદના સભ્ય ચૂંટાયા**

ભારતીય એથ્લેટિક્સ મહાસંઘ (AFI)ના અધ્યક્ષ આદિલ સુમારીવાલાને સ્પોર્ટ્સના ગ્લોબલ એડમિન યુનિટ ઇન્ટરનેશનલ એસોસીએશન ઓફ એથ્લેટિક્સ ફેડરેશનના સભ્ય ચૂંટવામાં આવ્યા છે. એથ્લેટિક્સ ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ ભારતીયને IAAF પરિષદના સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યા છે. આદિલ સુમારીવાલા વર્ષ 1970થી 1980 સુધી 100 મીટર ઓલિમ્પિયન દોડવીર પણ રહેલ છે.

**IAAF**

- સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં 17 જુલાઈ 1912ના રોજ ઓલિમ્પિક ગેમ્સના સમાપન સમારંભમાં IAAFની સ્થાપના કરવામાં આવી.
- શરૂઆતમાં આને ઇન્ટરનેશનલ એમેચ્યોર એથ્લેટિક ફેડરેશન (IAAF) નામ આપવામાં આવ્યું હતું.
- વર્ષ 2001માં આનું નામ બદલીને ઇન્ટરનેશનલ એસોસીએશન ઓફ એથ્લેટિક્સ ફેડરેશન કરવામાં આવ્યું.
- આઈએએએફ વર્લ્ડ ચેમ્પિયનશિપની મેજબાની વર્ષ 2015, 2017 અને 2019માં ક્રમશઃ બેજિંગ, લંડન અને દોહા દ્વારા કરવામાં આવશે.

- **અદિતિ ઇંગ્લેન્ડના શીર્ષ ફૂટબોલ ક્લબ સાથે જોડાનાર પ્રથમ ભારતીય મહિલા ફૂટબોલર**

ઇંગ્લેન્ડના ફૂટબોલ ક્લબ વેસ્ટ હેમની મહિલા ફૂટબોલ ટીમે ભારતની રાષ્ટ્રીય ટીમ તરફથી રમનાર ફૂટબોલર અદિતિ ચૌહાણ સાથે કરાર કર્યો. અદિતિ ઇંગ્લેન્ડની ટોચની ફૂટબોલ ક્લબ સાથે જોડાનાર પ્રથમ ભારતીય મહિલા ફૂટબોલર છે.

- **અભિનેતા અમોલ પાલેકર ભારતની ઓસ્કાર જ્યુરીના અધ્યક્ષ નિયુક્ત**

ભારતીય ફિલ્મોના જાણીતા અભિનેતા અમોલ પાલેકરને ભારતની ઓસ્કાર જ્યુરીના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા. પાલેકરની અધ્યક્ષતા વાળી જ્યુરી 88મા એકેડમી એવોર્ડની સર્વશ્રેષ્ઠ વિદેશી ફિલ્મોની સૂચિ માટે દેશની અધિકારીક પ્રવિષ્ટિની પસંદગી કરશે. 88મા એકેડમી પુરસ્કારનું આયોજન લોસ એન્જલસમાં 28 ફેબ્રુઆરી 2016ના રોજ કરવામાં આવશે.

- **વ્હાઈટ હાઉસમાં પ્રથમ વખત ટ્રાન્સજેન્ડર કર્મચારીની નિમણુક**

વ્હાઈટ હાઉસમાં પ્રથમ વખત ટ્રાન્સજેન્ડર કાર્યકર્તા રાફી ફ્રીડમન ગુરસ્પેનની નિમણુક કરવામાં આવી. તેમની નિમણુક એમ્પ્લોઇઝ ડિરેક્ટર તરીકે થઇ છે.

- **બાંગ્લાદેશ મૂળના બ્રિટીશ નાગરિક જીયા હૈદર રહેમાન 'ટેટ બ્લેક પ્રાઈઝ'થી સન્માનિત**

બાંગ્લાદેશ મૂળના બ્રિટીશ નાગરિક (લેખક) જીયા હૈદર રહેમાનને બ્રિટનના સૌથી જુના સાહિત્યિક સન્માન ટેટ બ્લેક પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવ્યા. તેમને 'ઇન ધ લાઈટ ઓફ વ્હાઈટ વી નો' પુસ્તક માટે આ પુરસ્કાર હેતુ પસંદ કરવામાં આવ્યા. રહેમાનની આ પ્રથમ રચના છે. આમાં અફગાનિસ્તાન યુદ્ધ, મુસ્લિમ કટ્ટરવાદીઓનો ઉદય, બેંકિંગ સંકટ, નાણા વ્યવસ્થા જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **ભારતી એરટેલ અને ઉબર વચ્ચે સમજુતીની ઘોષણા**

અમેરિકાની મોબાઈલ એપ ટેક્સી સેવા કંપની ઉબરે ભારતમાં ટેલીકોમ ક્ષેત્રની સૌથી મોટી અને વિશ્વમાં ત્રીજા નંબરની કંપની ભારતી એરટેલ સાથે થયેલ સમજુતીની ઘોષણા કરી. આનાથી ભારતીય કન્ઝ્યુમર્સ એરટેલના મોબાઈલ વોલેટ 'એરટેલ મની'ના માધ્યમથી ટેક્સી સેવાનું પેમેન્ટ કરી શકે છે.

- **ગ્રીસના વડાપ્રધાન એલેક્સિસ સિપ્રાસે રાજીનામુ આપ્યું**

ગ્રીસના વડપ્રધાન એલેક્સિસ સિપ્રાસે સાત મહિના સત્તા પર રહ્યા બાદ પોતાના પદેથી રાજીનામું આપી દીધું. સિપ્રાસના રાજીનામા બાદ ગ્રીસમાં વચગાળાની સરકાર ચૂંટણી સુધી શાસન કરશે.

- **દેશની પ્રથમ આધુનિક પીડીએસ યોજના માટે રાજસ્થાનના ફ્યુચર ગ્રુપ સાથે કરાર**

રાજસ્થાન સરકારે યોગ્ય મુલ્યની દુકાનોના માધ્યમથી મલ્ટીબ્રાન્ડ ઉપભોગતા વસ્તુઓ પૂરી પાડવા માટે દેશમાં પ્રથમ અન્નપુર્ણા ભંડાર યોજનાની શરૂઆત કરી. આ માટે ફ્યુચર કન્ઝ્યુમર એન્ટરપ્રાઈઝ લિ. સાથે કરાર કર્યો.

- **સાઉદી આરબની મહિલાઓને મતાધિકાર મળ્યો**

મહિલાઓને મર્યાદિત અધિકારો માટે જાણીતી સાઉદી આરબની સરકારે મહિલાઓને મતાધિકાર આપ્યો. વર્ષ 2011માં સાઉદી આરબના શાસક કિંગ અબ્દુલ્લાએ મહિલાઓને ચૂંટણીમાં ભાગ લેવાની મંજુરી આપી હતી.

- **ભારતમાં શિશુ મૃત્યુ દરમાં 55 ટકા સુધી ઘટાડો**

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા પ્રસ્તુત આંકડા અનુસાર પાછલા બે દાયકાઓમાં ભારતમાં શિશુ મૃત્યુ દરમાં 55% સુધીનો ઘટાડો નોંધાયો છે.

- **સીરિયાનાં પત્રકાર જૈના ઈરહૈમ પીટર મૈકલર પુરસ્કાર 2015થી સન્માનિત**

સીરિયાનાં મહિલા પત્રકાર જૈના ઈરહૈમને સાહસિક અને નૈતિક પત્રકારત્વ માટે વર્ષ 2015ના પીટર મૈકલર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં. તેમને યુદ્ધગ્રસ્ત દેશમાં નાગરિક પત્રકારોને પ્રશિક્ષિત કરવા માટે તેમના પ્રયાસો માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો.

- **પીટર મૈકલર એવોર્ડ ફોર કરેજીયસ એન્ડ એથિકલ જર્નાલિઝમ**

પીટર મૈકલર એવોર્ડ ફોર કરેજીયસ એન્ડ એથિકલ જર્નાલિઝમ નૈતિક પત્રકારત્વ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના હિમાયતી અને બ્રુકલીનમાં જન્મેલ પત્રકાર પીટર મૈકલરની

www.crackgpsc.com

યાદમાં ગ્લોબલ મીડિયા ફોરમ અને એજન્સી ફ્રાન્સ પ્રેસ દ્વારા આપવામાં આવે છે.

- **અદિતિ અશોકે બ્રિટીશ એમેચ્યોર મહિલા ગોલ્ફ ચેમ્પિયનશિપ જીતી**

ભારતની યુવા પ્રતિભાશાળી ગોલ્ફ ખેલાડી અદિતિ અશોકે બ્રિટીશ એમેચ્યોર મહિલા ગોલ્ફ ચેમ્પિયનશિપ જીતી. આ ખિતાબ મેળવનાર તે પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે.

- **કુમાર સંગાકારાનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ**

શ્રીલંકાના બેટ્સમેન કુમાર સંગાકારાએ પોતાની અંતિમ ટેસ્ટ મેચ રમીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ લીધો.

- **વિશ્વ એથ્લેટિકસ ચેમ્પિયનશિપમાં ઉસેન બોલ્ટે સુવર્ણ ચંદ્રક જીત્યો**

IAAF દ્વારા બેજિંગમાં આયોજિત 15મી વિશ્વ એથ્લેટિકસ ચેમ્પિયનશિપમાં ઉસેન બોલ્ટે સુવર્ણ ચંદ્રક જીત્યો. વિશ્વ એથ્લેટિકસ ચેમ્પિયનશિપનું આયોજન બે વર્ષના અંતરાલમાં ઇન્ટરનેશનલ એસોસીએશન ઓફ એથ્લેટિકસ ફેડરેશન (IAAF) દ્વારા કરવામાં આવે છે.

- **માઈક્રો ફાયનાન્સ કંપની બંધન દ્વારા ભારતમાં બેંકની શરૂઆત**

દેશની સૌથી મોટી માઈક્રો ફાયનાન્સ કંપની બંધને ભારતમાં બંધન બેંકની શરૂઆત કરી. નાણા મંત્રી અરુણ જેટલીએ બંધન બેંકનું ઉદ્ઘાટન કર્યું. કોઈ પણ માઈક્રોફાયનાન્સ કંપની દ્વારા પ્રથમ વખત એક કોમર્શીયલ બેંક શરૂ કરવામાં આવી છે. બંધનનો પાયો એના ચેરમેન અને ફાઉન્ડર ચંદ્રશેખર ઘોષે વર્ષ 2001માં નાખ્યો હતો. આનો હેતુ લઘુ ઉદ્યોગોમાં કાર્યરત લોકોને નાણાકીય સહાયતા આપવાનો છે અને આ જ હેતુની પૂર્તિ માટે બંધન બેંકની સ્થાપના કરવામાં આવી છે. બંધન બેંકના ચેરમેન અશોક લાહિરી છે જે ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર પણ રહી ચુક્યા છે.

- **સિનસિનાટી ઓપન ટેનિસ ટુર્નામેન્ટ -2015**

સ્વીત્ઝરલેન્ડના રોજર ફેડરરે સર્બિયાના નોવાક જોકોવિચને હરાવીને સાતમી વખત સિનસિનાટી માસ્ટર્સ (વેસ્ટર્ન એન્ડ સાઉથર્ન ઓપન) ટેનિસ ટુર્નામેન્ટનો ટેનિસ ખિતાબ જીતી લીધો. સેરેના વિલિયમ્સે મહિલા એકલ ખિતાબ જીત્યો. ડેનિયલ નેસ્ટર અને એડવર્ડ રોજર વેસલીનની જોડીએ પુરુષ યુગલનો ખિતાબ જીત્યો. ચાન હાઓ-ચિંગ અને ચાન યુંગ જાનની જોડીએ મહિલા યુગલ વર્ગનો ખિતાબ જીત્યો.

- **મદનલાલ લક્ષ્મણદાસ તહલિયાની મહારાષ્ટ્રના લોકાયુક્ત નિયુક્ત**

www.crackgpsc.com

મુંબઈ ઉચ્ચ ન્યાયાલયે પૂર્વ ન્યાયાધીશ મદનલાલ લક્ષ્મણદાસ તહલિયાનીએ મહારાષ્ટ્રના લોકપાલ તરીકે પદભાર ગ્રહણ કર્યો. રાજ્યપાલ સી. વી. રાવે તેમને લોકપાલ પદના શપથ લેવડાવ્યા. સેશન્સ જજ તરીકે તહલિયાનીએ જ ક્સાબને 6 મે, 2010ના રોજ ફાંસીની સજા ફરમાવી હતી.

## ➢ 4th week

- **ઓસ્ટ્રેલિયા-ભારત શિક્ષણ પરિષદ (AIEC)ની બેઠક નવી દિલ્હીમાં સંપન્ન**

ઓસ્ટ્રેલિયા-ભારત શિક્ષણ પરિષદ (AIEC)ની વાર્ષિક બેઠક નવી દિલ્હીમાં સંપન્ન થઇ. બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી સ્મૃતિ જુબીન ઈરાની અને ઓસ્ટ્રેલિયાના શિક્ષણ અને પ્રશિક્ષણ મંત્રી ક્રિસ્ટોફર પાઈને કરી.

- **વિન્સ છાબરિયા કેલિફોર્નીયાની અદાલતના પૂર્ણકાલીન સંઘીય ન્યાયાધીશ નિયુક્ત**

અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ભારતીય મૂળના વિન્સ છાબરિયા સહિત 11 ન્યાયાધીશોને કેલિફોર્નીયાની અદાલતના પૂર્ણકાલીન સંઘીય ન્યાયાધીશ નિયુક્ત કર્યા. વિન્સ છાબરિયાને બે ક્ષેત્રના ભારતીય મૂળના પ્રથમ અમેરિકન સંઘીય ન્યાયાધીશ નિયુક્ત કરવામાં આવ્યા.

- **કેન્દ્ર સરકારે સમ્રાટ અશોક પર ટપાલ ટિકિટ બહાર પાડી**

કેન્દ્રીય દૂરસંચાર મંત્રી રવિ શંકર પ્રસાદે સમ્રાટ અશોક પર 5 રૂપિયાની કિંમતની સ્મૃતિ ટપાલ ટિકિટ બહાર પાડી.

**અશોક**

અશોક મૌર્ય ભારતીય મૌર્ય સભ્યતાના મહાન શાસક હતા, જેમણે લગભગ સંપૂર્ણ ભારત પર 269 ઈ.સ. પૂર્વેથી 232 ઈ.સ. પૂર્વ શાસન કર્યું. મૌર્ય શાસક બિંદુસાર તેમના પિતા હતા તથા કુલીન જાતિની મહિલા ધર્મા તેમની માતા હતાં. તેઓ મૌર્ય વંશના સંસ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યના પૌત્ર હતા. અશોકનું સામ્રાજ્ય પશ્ચિમમાં હિંદુકુશ પર્વતમાળાથી પૂર્વના બંગાળ સુધી ફેલાયેલું હતું, જેમાં હાલના તમિલનાડુ અને કેરળને છોડીને સમગ્ર ભારત સામેલ હતું.

- **શૈલી પ્રાઈઝે વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો**

વર્તમાન ઓલિમ્પિક અને વિશ્વ ચેમ્પિયન જમૈકાની શૈલી એન. ફ્રેઝર પ્રાઈઝે વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનો 100 મીટર દોડનો ખિતાબ જીત્યો. પ્રાઈઝે સતત ત્રીજી વખત આ ખિતાબ

www.crackgpsc.com

મેળવ્યો છે,

- **યુ મુંબાએ પ્રો કબડ્ડી લીગના બીજા સંસ્કરણનો ખિતાબ જીત્યો**

યુ મુંબાએ બેંગલુરુ બુલ્સને હરાવીને સ્ટાર સ્પોર્ટ્સ પ્રો કબડ્ડી લીગના બીજા સંસ્કરણનો ખિતાબ જીત્યો.

**પ્રો કબડ્ડી લીગ**

પ્રો કબડ્ડી લીગ સ્વદેશી રમત કબડ્ડીને પુનર્જીવિત કરવાના હેતુથી ભારતના નેશનલ સ્પોર્ટ્સ ક્લબ, મુંબઈમાં શરુ કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં અલગ-અલગ લોકો કે સંગઠનોની માલિકીમાં આઠ ટીમોએ ભાગ લીધો.

- **ગ્રામીણ ક્ષેત્રોમાં સ્વાસ્થ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે 'સેહત' યોજના શરુ**

કેન્દ્ર સરકારે ભારતના ગ્રામીણ ક્ષેત્રોમાં એપોલો હોસ્પિટલ સાથે મળીને ટેલીમેડિસીન યોજના 'સેહત'નો શુભારંભ કર્યો. જેના હેઠળ લોકો વિડિઓ લિંક દ્વારા ડોક્ટર સાથે વાત કરી શકશે તથા જેનરિક દવાઓ પણ લઇ શકશે. આથી ગ્રામ્ય વિસ્તારોમાં સસ્તી સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ થઇ શકશે. આ અંતર્ગત ટેલી-કન્સલ્ટેશન સુવિધા માટે દેશભરમાં 60,000 કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

- **ઓનલાઈન પેમેન્ટ કંપની 'પેયુ મની'એ રેડ બસ સાથે સમજુતી કરી**

ઓનલાઈન પેમેન્ટ કંપની પેયુ ઇન્ડિયાએ ઓનલાઈન બસ ટિકિટિંગ પ્લેટફોર્મ 'રેડ બસ' સાથે સમજુતી કરી. હવે પેયુ મની વોલેટનો ઉપયોગ કરનાર ગ્રાહકો ટિકિટ ખરીદીને કેશ બેક ડિસ્કાઉન્ટની ઓફર મેળવી શકે છે.

- **કેન્દ્ર સરકારે ધર્મ આધારિત વસ્તી ગણતરીના આંકડા જારી કર્યા**

કેન્દ્ર સરકારે ધર્મ આધારિત વસ્તી ગણતરીના આંકડા જારી કર્યા. આ અનુસાર, હિંદુઓની સંખ્યામાં 0.7% ઘટાડો થયો છે ત્યાં મુસ્લિમોની સંખ્યા 0.8% વધી છે. વસ્તી : હિંદુ - 96.63 કરોડ (79.8%), મુસ્લિમ - 17.22 કરોડ (14.2%), ખ્રિસ્તી - 2,78 કરોડ (2.3%), શીખ - 2.08 કરોડ (1.7%), બૌદ્ધ - 84 લાખ (0.7%), જૈન - 45 લાખ (0.4%).

- **વેલ્થ-એક્સે 35 વર્ષથી ઓછી ઉમરના 20 સૌથી અમીર વ્યક્તિઓની યાદી બહાર પાડી**

વેલ્થ-એક્સે 35 વર્ષથી ઓછી ઉમરના ટોચના 20 સૌથી ધનિકોની યાદી સંબંધી રિપોર્ટ બહાર પાડ્યો. આ મુજબ ફેસબુકના સહ-સંસ્થાપક અને CEO માર્ક જુકરબર્ગ પ્રથમ સ્થાને છે.



www.crackgpsc.com

- **નોવાક જોકોવિચ સંયુક્ત રાષ્ટ્ર બાળ કોષના સદભાવના દૂત નિયુક્ત**

દુનિયાના નંબર વન ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચ સંયુક્ત રાષ્ટ્ર બાળ કોષના સદભાવના દૂત નિયુક્ત થયા. જોકોવિચને આ પહેલાં યુનિસેફના સર્બિયામાં દૂત નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ બાળકોના જીવન સ્તરને સુધારવા માટે પણ કામ કરી રહ્યા છે.

- **રાજીવ મંગલા સ્નેપડીલના ચીફ ટેકનોલોજી ઓફિસર નિયુક્ત**

રાજીવ મંગલા ઈ-કોમર્સ ક્ષેત્રની પ્રમુખ કંપની સ્નેપડીલના ચીફ ટેકનોલોજી ઓફિસર નિયુક્ત થયા. તેઓ અમિતાભ મિશ્રાનું સ્થાન લેશે. અમિતાભ મિશ્રાએ ફેબ્રુઆરી 2015માં સ્નેપડીલ છોડીને પોતાનું ટ્રાવેલ વેન્ચર શરૂ કર્યું હતું.

- **ઉસેન બોલ્ટે વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો**

જમૈકાના દોડવીર ઉસેન બોલ્ટે વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2015માં 200 મીટરની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો. બોલ્ટે 19.55 સેકંડમાં આ રેસ પૂર્ણ કરી. ઉસેન બોલ્ટના નામે 9.88 સેકન્ડમાં 100 મીટર અને 19.19 સેકન્ડમાં 200 મીટર દોડવાનો વિશ્વ રેકોર્ડ છે.

- **લિયોનેલ મેસીએ યુઈએફએ બેસ્ટ પ્લેયર ઇન યુરોપ એવોર્ડ જીત્યો**

સ્પેનના ટોપ ફૂટબોલ ક્લબ એફસી બાર્સેલોના માટે રમનાર અર્જેન્ટીનીના ખેલાડી લિયોનેલ મેસીએ યુઈએફએ બેસ્ટ પ્લેયર ઇન યુરોપ એવોર્ડ જીત્યો. જર્મનીની સેલિઆ સસિકને બેસ્ટ વુમન પ્લેયરનો એવોર્ડ આપવામાં આવ્યો.

- **NTPCએ એક દિવસમાં સર્વાધિક વીજળી ઉત્પન્ન કરવાનો રેકોર્ડ બનાવ્યો**

દેશના સૌથી મોટા વીજ પ્લાન્ટ NTPC (નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન)એ એક દિવસમાં 733.12 મેગા યુનિટ વીજળી ઉત્પન્ન કરીને વર્ષ 2015-16 દરમ્યાન એક દિવસમાં સૌથી વધુ વીજળી ઉત્પન્ન કરવાનો રેકોર્ડ બનાવ્યો.

- **ઈસરોએ સંચાર ઉપગ્રહ જીસેટ-6નું સફળ પ્રક્ષેપણ કર્યું**




ઈસરોએ સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર શર, શ્રીહરિકોટાથી ભારતના સૌથી મોટા સંચાર ઉપગ્રહ GSAT-6નું GSLV-D6 દ્વારા સફળ પ્રક્ષેપણ કર્યું. આ GSLVની 9મી ઉડાન હતી. 18 એપ્રિલ, 2001ના રોજ પ્રથમ વખત GSLV-D1 એ ઉડાન ભરી હતી. આ ઉડાન નિષ્ફળ રહી. GSLV-D6એ 2117 કિગ્રા. વજન વાળા GSAT-6ને નિર્ધારિત જીઓ-સિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બીટમાં(Geosynchronous Transfer Orbit) સ્થાપિત કર્યું. GSAT-6 ભારતીય સંચાર

ઉપગ્રહોમાં GSAT શ્રેણીનો 12મો ઉપગ્રહ છે. આ ઈસરોનો 25મો સંચાર ઉપગ્રહ છે. GSAT-6 દેશમાં વર્તમાન દુરસંચાર, ટેલીવિઝન, VSAT તથા સેટેલાઈટ ફોન સેવાઓના ક્ષેત્રે અને અન્ય ઉપગ્રહ આધારિત સેવાઓને સહયોગ આપશે.

- **કેન્દ્ર સરકારે સ્માર્ટ સિટી માટે પસંદ કરેલ શહેરોની ઘોષણા કરી**

  કેન્દ્ર શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુએ સ્માર્ટ સિટી માટે કુલ 98 શહેરોનાં નામોની ઘોષણા કરી. સરકારે જમ્મુ અને કાશ્મીરને છોડીને બાકી રાજ્યોનાં શહેરોનું એલાન કર્યું. આ અંતર્ગત ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ 13 શહેરોને સ્માર્ટ સિટી બનાવવામાં આવશે. કુલ 100 સ્માર્ટ સિટી પ્રોજેક્ટ પર કુલ 48,000 કરોડ રૂપિયાનો ખર્ચ થશે. દરેક સ્માર્ટ સિટીને 5 વર્ષ સુધી કેન્દ્ર તરફથી વાર્ષિક 100 કરોડ રૂપિયા મળશે. આ મુજબ પ્રથમ ચરણમાં 20 શહેર અને આગામી 2 વર્ષમાં બાકી શહેરોનો વિકાસ કરવામાં આવશે. સ્માર્ટ સિટીનું નિર્માણ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) હેઠળ કરવામાં આવશે. સ્માર્ટ સિટીના નિર્માણમાં અન્ય રાજ્ય અને અર્બન ઓથોરીટીની ભાગીદારી 50-50% હશે. આમાં ગુજરાતનાં 6 શહેર ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, દાહોદ સામેલ છે.

- **ઓણમ ઉત્સવ કેરળમાં પારંપરિક ઉલ્લાસથી ઉજવાયો**

  ઓણમનો સૌથી શુભ દિવસ થિરૂઓણમ તહેવાર કેરળમાં પારંપરિક ઉલ્લાસ સાથે ઉજવાયો. આ પર્વ પ્રાચીન રાજા મહાબલીની યાદમાં ઉજવાય છે. ઓણમના પ્રથમ દિવસ - અથમથી જ ઘર-ઘરમાં તૈયારીઓ શરુ થઇ જાય છે અને દસ દિવસના આ પર્વનું સમાપન છેલ્લા દિવસ - થિરુઓણમના રોજ થાય છે. સદીઓથી એવી માન્યતા છે કે ઓણમના દિવસે પાતાળ લોકથી રાજા બલિ પોતાની પ્રજાને મળવા આવે છે, આ જ ખુશીમાં મલયાલી સમાજ ઓણમ ઉજવે છે. આ સાથે ઓણમ નવો પાક આવવાની ખુશીમાં પણ ઉજવવામાં આવે છે. કેરળ સરકારે વર્ષ 1961માં ઓણમને કેરળનું રાજકીય પર્વ ઘોષિત કર્યું હતું.

- **ઇયાન બેલે વન ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસની ઘોષણા કરી**

  ઇંગ્લેન્ડના બેટ્સમેન ઇયાન બેલે વન ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસની ઘોષણા કરી. બેલ ઇંગ્લેન્ડ તરફથી એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે.

- **29 ઓગસ્ટને દેશભરમાં રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો**

  29 ઓગસ્ટ 2015ના રોજ દેશભરમાં રાષ્ટ્રીય ખેલ દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસ હોકીના જાદુગર તરીકે જાણીતા હોકી ખેલાડી મેજર ધ્યાનચંદની જયંતિ રૂપે ઉજવાય છે.

www.crackgpsc.com

ધ્યાનચંદે ત્રણ ઓલિમ્પિક ગેમ્સ ક્રમશઃ વર્ષ 1928, 1932 તથા 1936માં ભારતનું પ્રતિનિધિત્વ કરીને દેશને ત્રણ સુવર્ણ ચંદ્રક અપાવવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી.

- **સાનિયા મિર્ઝા રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કારથી સન્માનિત પ્રથમ મહિલા ટેનિસ ખેલાડી**



વિમ્બલ્ડન વુમન્સ ડબલ્સ ચેમ્પિયન અને વિશ્વની નંબર વન ટેનિસ ડબલ્સ ખેલાડી સાનિયા મિર્ઝા વર્ષ 2015ના દેશના સર્વોચ્ચ ખેલ પુરસ્કાર 'રાજીવ ગાંધી ખેલ રત્ન'થી સન્માનિત. સાનિયા આ પુરસ્કાર મેળવનાર દેશની પ્રથમ મહિલા ટેનિસ ખેલાડી છે. સાનિયા આ પુરસ્કાર જીતનાર બીજી ટેનિસ ખેલાડી છે.

**રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર**

- આ સન્માન 1991-92માં શરુ કરવામાં આવ્યું.
- 'રાજીવ ગાંધી ખેલ રત્ન'થી સન્માનિત પ્રથમ ખેલાડી વિશ્વનાથન આનંદ (ચેસ) છે.
- ભારત સરકાર દ્વારા સન્માનિત વ્યક્તિઓને રેલ્વેની મફત પાસ સુવિધા આપવામાં આવે છે જેમાં રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર તથા ધ્યાનચંદ પુરસ્કાર વિજેતા રાજધાની કે શતાબ્દી ગાડીઓમાં પ્રથમ અને દ્વિતીય શ્રેણી વાતાનુકૂલિત કોચમાં મફત મુસાફરી કરી શકે છે.
- આ પુરસ્કાર વિજેતા પ્રથમ ખેલાડી : ટેનિસ - લિએંડર પેસ, ક્રિકેટર - સચિન તેંદુલકર, હોકી પ્લેયર - ધનરાજ પિલ્લે, બિલિયર્ડ્સ ખેલાડી - ગીત શેઠી, બેડમિન્ટન ખેલાડી - પુલેલા ગોપીચંદ, શૂટર - અભિનવ બિન્દ્રા.

- **ભારતીય મહિલા હોકી ટીમ 36 વર્ષ બાદ ઓલિમ્પિકમાં ક્વોલિફાય થઇ**

ભારતીય મહિલા હોકી ટીમ રિયો ઓલિમ્પિક માટે ક્વોલિફાય થઇ. ભારતીય મહિલા ટીમ 36 વર્ષ બાદ ઓલિમ્પિક ગેમ્સ માટે કવોલિફાય થઇ. આ પહેલાં વર્ષ 1980માં ભારતીય મહિલા ટીમ મોસ્કો ઓલિમ્પિક માટે કવોલિફાય થઇ હતી.

- **એબી ડીવિલિયર્સ વન ડે ક્રિકેટમાં સૌથી ઝડપી 8000 રન બનાવનાર બેટ્સમેન**

દક્ષિણ આફ્રિકાની વન ડે ટીમના કેપ્ટન એબી ડીવિલિયર્સ વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઝડપી 8000 રન બનાવનાર બેટ્સમેન બની ગયા. એબી ડીવિલિયર્સે 190મી મેચની 182મા દાવમાં આ સિદ્ધિ મેળવી. તેમણે ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનો રેકોર્ડ તોડ્યો,

www.crackgpsc.com

જેમણે 200 દાવમાં 8000 રન બનાવ્યા હતા. વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઝડપી 7000 રન બનાવવાનો રેકોર્ડ પણ ડીવિલિયર્સના નામે છે.

- **સર્વોચ્ચ અદાલતે સંથારા પ્રથા પરનો પ્રતિબંધ હટાવ્યો**

  સર્વોચ્ચ અદાલતે જૈન સમાજ સંબંધી સંથારા પ્રથા પરનો પ્રતિબંધ દૂર કરવાનો આદેશ આપ્યો. રાજસ્થાન હાઈકોર્ટે આને આત્મહત્યા સમાન ગુનો ગણાવી પ્રતિબંધ મુક્યો હતો.

  **સંથારા :**

  સંથારા, જૈન સમાજમાં હજારો વર્ષો જૂની પ્રથા છે. આમાં જયારે વ્યક્તિને લાગે કે તેનું મૃત્યુ નજીક છે તો તે પોતે એક રૂમમાં પુરાઈને ખાવા પીવાનું બંધ કરી દે છે. મૌન વ્રત ધારણ કરે છે. ત્યારબાદ તે કોઈ પણ દિવસે દેહ ત્યાગ કરી દે છે.

- **નવા રસોઈ ગેસ કનેક્શનની ઓનલાઇન સુવિધા માટે સહજ યોજના શરુ**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પરિકલ્પના, ડિજીટલ ઇન્ડિયાની તર્જ પર નવા રસોઈ ગેસ કનેક્શનની ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે mylpg.in પોર્ટલ સહજની શરૂઆત કરવામાં આવી. સહજના માધ્યમથી પેમેન્ટ પર કરી શકાશે. હાલમાં આ યોજનાને દેશનાં 13 શહેરોમાં શરુ કરવામાં આવી. આગામી થોડા દિવસોમાં આ યોજનાને અખિલ ભારતીય સ્તર પર શરુ કરવામાં આવશે.




www.crackgpsc.com

- દેશની એકતા, અખંડિતતા અને એકતાના ભોગે કંઈ ના જોઈએ.
- વ્યક્તિ, કુટુંબ, જ્ઞાતિ, પક્ષના સ્વાર્થને બાજુએ મૂકી દેશ હિત અંગે વિચારીએ.
- હકની સાથે મૂળભૂત ફરજોને ના ભૂલીએ.
- ખાસ કરીને સંવિધાનને વફાદાર રહેવાની, ભારતનાં સાર્વભૌમત્વ, એક્તા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની ફરજને ના ભૂલીએ.
- દેશની એકતા અને અખંડિતતાને તોડનારા વિધ્વંશકારી તત્વો અને વિચારોને ઓળખીએ અને તેને તિલાંજલિ આપીએ.
- સ્વાતંત્ર્ય સેનાનીઓ, ભગતસિંહ, ગાંધીજી, ડો. આંબેડકર, સરદાર પટેલનું સન્માન કરીએ.
- બંધારણના ઘડવૈયાઓનું, બંધારણનું સન્માન કરીએ.
- લોકશાહી અને ન્યાયપાલિકાનું સન્માન કરીએ.
- મા ભારતીનું સન્માન કરીએ.

Crack GPSC TM
100 प्रश्नों का खजाना
Most Imp करन्ट अफेर्स हिन्दी में
करन्ट शतक
वस्तुनिष्ठ प्रश्नों उत्तर के साथ

www.crackgpsc.com